# આત્મધર્મ

માસિક : વર્ષ-૨૦ * અંક-૩ * નવેમ્બર, ૨૦૨૫



# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જેમ અન્ય ધાતુઓના સંયોગથી સુવર્ણમાં અનેક પ્રકારના રૂપ દેખાય છે, પરંતુ જો પર સંયોગથી થવાવાળી એ સુવર્ણની અવસ્થાઓ ઉપર ધ્યાન નહીં આપતાં તે સુવર્ણને જ જોવામાં આવે તો તે સુવર્ણ, શુદ્ધ સુવર્ણ જ પ્રતીત થાય છે. તેમ જ જીવ પણ વિકારના કારણથી અજીવ, આસ્રવાદિ પદાર્થોમાં અશુદ્ધરૂપથી જોવામાં આવે છે, પરંતુ જો એ વિકારની ઉપેક્ષા કરીને તેને જોવામાં આવે તો તે જીવ શુદ્ધ જ પ્રતીત થાય છે. ૧૨૪. (શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી ભાગ-૨, ગાથા-૪૫૮ ભાવાર્થ)

● જીવ આદિ અવસ્થા-નિગોદથી માંડીને અંત અવસ્થા-સિદ્ધપર્યાય સુધી પોતાના પરિપૂર્ણ સ્વભાવથી સંયુક્ત છે, પરદ્રવ્યોની કલ્પનાથી રહિત છે, સદૈવ એક ચૈતન્યરસથી સંપન્ન છે એમ શુદ્ધનયની અપેક્ષાએ જિનવાણીમાં કહ્યું છે. ૧૨૫.

(પં. બનારસીદાસજી, નાટક સમયસાર-જીવદ્વાર, પદ-૧૧)

● પ્રશ્ન : સામ્પ્રત (હાલમાં) જીવદ્રવ્ય રાગાદિ અશુદ્ધ ચેતનારૂપે પરિણમ્યું છે ત્યાં તો એમ પ્રતિભાસે છે કે જ્ઞાન ક્રોધરૂપે પરિણમ્યું છે તેથી જ્ઞાન ભિન્ન, ક્રોધ ભિન્ન-એવું અનુભવવું ઘણું જ કઠણ છે.

ઉત્તર : આમ છે કે સાચે જ કઠણ છે, પરંતુ વસ્તુનું શુદ્ધસ્વરૂપ વિચારતાં ભિન્નપણારૂપ સ્વાદ આવે છે. કેવું છે ભિન્નપણું ? 'કર્મનો કર્તા જીવ' એવી ભ્રાંતિ, તેને મૂળથી દૂર કરે છે. દૃષ્ટાંત કહે છે : જેમ અગ્નિ અને પાણીના ઉષ્ણપણા અને શીતપણાનો ભેદ નિજસ્વરૂપગ્રાહી જ્ઞાનથી પ્રગટ થાય છે તેમ. ૧૨૬.

(શ્રી રાજમલ્લજી, કળશટીકા, કળશ-૬૦)

● શિષ્ય પૂછે છે : રાગ, દ્વેષ આદિ કર્મજનિત છે કે જીવજનિત છે ? તેનો ઉત્તર : સ્ત્રી અને પુરુષ એ બન્નેના સંયોગથી ઉત્પન્ન થતાં પુત્રની જેમ, ચુનો અને હળદરના મિશ્રણથી થતાં વર્ણ વિશેષની જેમ, રાગ-દ્વેષ આદિ જીવ અને કર્મ એ બન્નેના સંયોગજનિત છે. નયની વિવક્ષા પ્રમાણે, વિવક્ષિત એકદેશ શુદ્ધ-નિશ્ચયનયથી રાગ-દ્વેષ કર્મજનિત કહેવાય છે અને અશુદ્ધ નિશ્ચયનયથી જીવજનિત કહેવાય છે. આ અશુદ્ધ-નિશ્ચયનય શુદ્ધ-નિશ્ચયનયની અપેક્ષાએ વ્યવહાર જ છે.

પ્રશ્ન : સાક્ષાત્ શુદ્ધનિશ્ચયનયથી આ રાગ-દ્વેષ કોના છે ? એમ અમે પૂછીએ છીએ. ઉત્તરઃ સાક્ષાત્ શુદ્ધનિશ્ચયથી, સ્ત્રી અને પુરુષના સંયોગરહિત પુત્રની જેમ, ચુના અને હળદરના સંયોગ રહિત રંગ વિશેષની જેમ, તેમની (રાગ-દ્વેષાદિની) ઉત્પત્તિ જ નથી, તો કઈ રીતે ઉત્તર આપીએ ? ૧૨૭.

(શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૪૮ની ટીકામાંથી)

વર્ષ–૨૦

અંક–૩




વિ. સંવત ૨૦૮૧

November A.D. 2025




## પરમાગમ શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




(ગાથા-૭૯-૮૦ ના પ્રવચનમાંથી)

### પુણ્ય દુઃખનું સાધન છે

અહીં આચાર્ય ભગવાન પોતાની વાત કરે છે. પોતાના આત્માનું ઘોલન કરતાં ઉપદેશ સહજ નીકળી ગયો છે. ઉપદેશ આપવા ખાતર કરતા નથી. મુનિઓએ સર્વ સાવદ્યયોગ છોડેલ છે. મિથ્યાત્વરૂપી ભ્રાંતિના અંતરના વસ્ત્રનો ત્યાગ કરેલ છે. ને બહારથી પણ વસ્ત્ર હોય નહીં એવા નિર્ગ્રંથ મુનિ અંતરમાં અવિકારી–અંતર આત્મઘોલન સહિત હોય છે. આચાર્ય ભગવાને અશુભભાવ તો છોડ્યા છે પણ ''અંતરમાં મહાવ્રત આદિ શુભ પરિણામને તાબે થઈ મોહનો સર્વથા પ્રકારે નાશ ન કરું તો મને શુદ્ધ આત્માની પ્રાપ્તિ ક્યાંથી થાય ?''–એમ પુરુષાર્થની ઉગ્રતા વધારે છે. પોતાના પુરુષાર્થને સંબોધે છે કે ''ચૈતન્યની સ્થિરતામાં જા, પંચમહાવ્રતમાં ન જા.'' જેમ નબળા શરીરવાળો કેડ (ભેટ) બાંધીને ટટ્ટાર થાય છે તેમ અહીં આચાર્ય ભગવાન જ્ઞાનરૂપી શરીરવાળા આત્માની કેડ બાંધે છે. ટટ્ટાર થાય છે. ''હે આત્મા ! શુભ વિકારમાં જઈશ નહીં.''

આ પ્રવચનસારની ૭૯મી ગાથા છે. લૌકિકમાં જેમ રામ રાજ્ય જીતીને આજે વિજયાદશમીના દિને આવ્યા હતા તેમ આજે આત્મા મોહાદિને જીતીને આવે છે. આ લોકોત્તર વાત છે. જે જીવ પાપારંભ છોડીને શુભચારિત્ર એટલે પાંચ મહાવ્રત આદિના

પાલનમાં હોવા છતાં જો મોહાદિને છોડતો નથી તો તે શુદ્ધ આત્માને પામતો નથી. મુનિએ વેપારાદિના પાપભાવને છોડ્યા છે અને પરમ સમતા સ્વભાવમાં લીનતારૂપી પરમ સામાયિક નામના ચારિત્રની પ્રતિજ્ઞા કરી છે. અહીં પ્રત્યાખ્યાનસ્વરૂપનો અર્થ જ્ઞાનમાં પરભાવોના ત્યાગરૂપ અવસ્થા તે પ્રત્યાખ્યાન—એમ છે. તેથી મુનિએ શુભાશુભભાવોના ત્યાગરૂપ પ્રત્યાખ્યાન સ્વરૂપ સામાયિક ચારિત્ર એટલે પોતાના શુદ્ધ સ્વભાવમાં લીનતા કરવી—એવી પ્રતિજ્ઞા કરી છે. છતાં જે મુનિ શુભના પ્રેમમાં ફસાય છે તે શુદ્ધ આત્માને એટલે મોક્ષદશાને પામતો નથી.

અહીં આચાર્ય ભગવાને પોતાની વાત કરીને પછી જે મોહની વાત મૂકી છે તે મિથ્યાત્વ સહિતના મોહની વાત સમજવી. ટીકામાં શુભઉપયોગને ધૂર્ત વેશ્યા-સ્ત્રીની ઉપમા આપી છે. પોતાના સ્વભાવની ઉગ્રતા બતાવવા શુભોપયોગને ઘણો જ ધૂતકારી કાઢ્યો છે. શુભોપયોગ ધૂર્ત વેશ્યા સમાન પરિણતિ છે. તેમાં અજ્ઞાની જીવ ફસાય છે. પાંચ મહાવ્રત વગેરે શુભભાવથી જાણે ચારિત્ર ટકતું હોય એમ અજ્ઞાનીને લાગે છે. તેથી શુભભાવને ઠગારો કહ્યો છે.

અજ્ઞાની જીવો મન, વચન, કાયાને બેસાડી રાખવા તેને સામાયિક કહે છે. સામાયિક પાઠના અર્થની પણ ખબર ન હોય. तस्स उत्तरीના પાઠમાં विशल्ली करणेणं વગેરે વાક્યો આવે છે તેમાં મિથ્યાત્વ શલ્ય, માયાશલ્ય, નિદાનશલ્ય, તે ત્રણ પ્રકારના શલ્યોનો નાશ કરું છું. એમ તેનો અર્થ છે. દેહની ક્રિયાથી ને પુણ્યથી ધર્મ થાય એવી માન્યતા તે મોટું શલ્ય છે. એવો શલ્યનો અર્થ સમજે નહીં ને માત્ર પાઠ બોલી જાય તેને સામાયિક, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન, સાચા હોઈ શકે નહીં ને તેને ધર્મ થાય નહીં.

જે જીવ વસ્તુસ્વરૂપ સમજ્યા વગર પૂજાદિના શુભભાવમાં ધર્મ માનીને તીવ્ર રુચિ કરે છે તે જેમ ધૂતારી વેશ્યામાં પ્રેમી ફસાય છે તેમ અજ્ઞાની જીવ શુભમાં ફસાય છે. અહીં દયા, દાનાદિના શુભભાવને મોહની સેના કહી છે, તે મોહની સેનાને વશ થઈ પુણ્ય-પાપરૂપી વિકારની ધૂળને ખંખેરતો નથી. અહીં મોહને ધૂળની ઉપમા આપી છે. જેમ કપડાને ઝાપટ મારતા ધૂળ જલદી ખરી જાય છે મોહને ધૂળની જેમ જલદી ખંખેરી નખાય એવો છે. છતાં જે જીવ મોહને ખંખેરતો નથી તે જીવ દુઃખની નજીક છે એટલે ક્રમે કરીને નરક નિગોદમાં જશે ને નિર્મળ આત્માને પામી શકશે નહીં.

અહીં આચાર્ય ભગવાન મિથ્યાદૃષ્ટિની વાત કરીને પોતાના પુરુષાર્થની ઉગ્રતા કરવા કહે છે કે મોહનો વિજય મેળવવા મેં કમર કસી છે. આચાર્ય ભગવાને મિથ્યાત્વની

**પ્રિયમિતં ધર્મમય તત્ત્વ ગાયા પ્રભૂ,**
**નૈક નયકી અપેક્ષા, જગતગુરુ પ્રભૂ! ૧૧૮**

તેમજ અશુભભાવની ધૂળ તો ખંખેરી નાખી છે પણ અસ્થિરતાના શુભભાવની ધૂળ ખંખેરી નાખવા તૈયાર થયા છે. સમ્યગ્દર્શન તો અપૂર્વ છે પણ દર્શન સહિતની સ્વરૂપ લીનતાવાળા નિર્ગ્રંથ દિગંબર મુનિની દશા અપૂર્વ છે. અસ્થિરતાના શુભભાવમાં જરા કમર વળી જાય છે તે દશા ટાળવા આત્મામાં સ્થિર થઈ ટટ્ટાર થવા આચાર્ય પુરુષાર્થ ઉપાડે છે. આજે વિજયાદશમી છે. મોહની સેના ઉપર વિજય વાવટો ફરકાવે છે. સ્વરાજ્યનો વિજય વાવટો ક્યાંય બહારમાં નથી. બહારમાં સુખ કે દુઃખ નથી. સ્વરાજ્ય પોતાના અંતરમાં છે. અહીં તો અશુભભાવનો અભાવ કરીને શુભભાવને જીતવા આચાર્ય ભગવાન વીર્ય ઉપાડે છે. ને શુદ્ધોપયોગ એક જ શરણ છે—એમ કહે છે.

આ ૮૦મી ગાથા ક્ષાયિક સમકિતની છે. તીર્થંકર ભગવાન, કેવળી કે શ્રુતકેવળીની સભામાં લાયક જીવો પોતાના પુરુષાર્થથી ક્ષાયિક સમકિત પ્રગટ કરે છે. કુંદકુંદાચાર્ય ભગવાન બે હજાર વર્ષ પહેલા અને અમૃતચંદ્રાચાર્ય ભગવાન એક હજાર વર્ષ પહેલા આ ભરતક્ષેત્રમાં પાંચમાં આરામાં થયા, પરંતુ પાંચમે આરે પણ ક્ષાયિક સમકિત પ્રગટ કરે એવા પુરુષાર્થવાળા સમકિતના ભણકારા વાગી રહ્યા છે. આજે વિજયાદશમીનો વિજયનો દિવસ છે. અને ક્ષાયિક સમકિત જે કેવળજ્ઞાનદશા પ્રગટાવે એવા સમકિતની આજે ૮૦મી ગાથા અલૌકિક ઘણી ઉંચી આવી છે.

જે જીવ અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે, ને પર્યાયપણે જાણે છે તે પોતાના આત્માને જાણે છે અને તેનો મોહ અવશ્ય નાશ પામે છે. એટલે કે ક્ષાયિક સમકિત પ્રગટ કરે છે, નિમિત્તરૂપે દર્શનમોહની સાત પ્રકૃતિનો નાશ થયો છે. જેણે પોતામાં શુદ્ધિ ઘણી કરી છે તે હવે પછી પડે નહીં ને કેવળદશા પ્રગટાવે તેવા જીવના ક્ષાયિક સમકિતની વાત કહેવાય છે.

પ્રશ્ન : અહીં અર્હંત ભગવાનના સ્વરૂપને જાણવાની વાત કરી પણ સિદ્ધના સ્વરૂપને જાણવાની વાત કેમ ન કરી? વળી જ્યારે ગાથા લખાઈ ત્યારે ભરતક્ષેત્રમાં અર્હંત ન હતા ને ભગવાન મહાવીર તો તે વખતે સિદ્ધ થઈ ગયા હતા.

ઉત્તર : કુંદકુંદાચાર્ય ભગવાન સાક્ષાત્ મહાવિદેહમાં ગયા હતા ત્યાં ત્રિલોકનાથ અર્હંતદેવ વર્તમાન સીમંધર ભગવાન બિરાજે છે. તેમની વાણીને પોતે સાંભળી છે તેમના પોતાના અનુભવમાં ભણકારની વાત લીધી છે. વળી સિદ્ધ ભગવાન તો શરીર ને વાણી રહિત છે જ્યારે અરિહંતને વાણી હોય છે. તેથી અર્હંત ભગવાન ધર્મ પામવામાં મુખ્ય ઉપકારી છે. તેથી અહીં અર્હંતના સ્વરૂપને જાણવાની વાત કરી છે. વળી અર્હંત

અહિંસા જગત્ બ્રહ્મ પરમં કહી હૈ,
જહાં અલ્પ આરંભ વહાં નહીં રહી રહૈ;

અને સિદ્ધ ભગવાનના કેવળજ્ઞાનમાં કાંઈપણ ફેર નથી ને અર્હંતનું સ્વરૂપ જાણતાં સિદ્ધનું સ્વરૂપ જણાઈ જાય છે.

શ્રીમદ્‌ના કાવ્યમાં પણ કહ્યું છે કે : ''ઇચ્છે છે જે જોગીજન, અનંત સુખ સ્વરૂપ
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિન સ્વરૂપ.''

આ કાવ્યમાં ''સયોગી જિનસ્વરૂપ'' કહ્યું છે એટલે અંતરમાં અર્હંતની ઝંખના છે. અર્હંતનો ભેટો થઈ શકે છે. સિદ્ધનો ભેટો થઈ શકતો નથી. આ તેમની છેલ્લી ઝંખના હતી. અહીં અર્હંતનું સ્વરૂપ તે આદર્શ અરીસો છે. કર્મ, કાળ કે પાંચમો આરો જીવને નડતો નથી, પાંચમા આરાના મુનિ લખે છે પુરુષાર્થ આગળ કાળ કિંકર થાય છે, જે પુરુષાર્થ કરે તે સમકિત પ્રાપ્ત કરી શકે છે.

અજ્ઞાની જીવો ણમો અરિહંતાણં લાખો વખત બોલે છે પણ અર્હંતના સ્વરૂપને જાણતા નથી. વિકાર કરે, ઉપદેશ આપે, જગતને તારે, શિષ્યો કરે, ચાર તીર્થ સ્થાપે, તે અર્હંત—એવું અર્હંતનું સ્વરૂપ અજ્ઞાની જાણે છે, પણ તે સાચું સ્વરૂપ નથી. શરીર, મન, વાણી જડ છે. બીજા જીવો તરે તે પોતાથી તરે છે. અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય પ્રગટ્યું છે તે અર્હંતનું સ્વરૂપ છે. અજ્ઞાની જીવો ''ભગવાને જોયું હશે તેમ થશે.''—એમ કહી સ્વચ્છંદ ખેલે છે, પણ ''અર્હંતનું સ્વરૂપ છે એવું મારું સ્વરૂપ છે.''—એમ નક્કી કરતાં પરપદાર્થનો અહંભાવ ઊડી જાય છે ને જ્ઞાતાદૃષ્ટા રહી જાય છે. કોઈ કહે કે ''આપણે આપણા આત્માનું જાણી શકીએ પણ કેવળજ્ઞાનીનું નક્કી કરી શકીએ નહીં.''—તો તે વાત ખોટી છે. આત્મા જણાતા અર્હંતનું સ્વરૂપ જણાય છે અને અર્હંતનું સ્વરૂપ જાણતા આત્મા જણાય છે.

અહીં આ ગાથામાં અર્હંતના સ્વરૂપનું જાણપણું એટલે આત્માનું જાણપણું તે સમ્યગ્દર્શનનું કારણ છે. અર્હંતનું દ્રવ્ય, તેના જ્ઞાન, દર્શન, વીર્ય, એવા અનંતગુણો તથા એક સમયમાં પરિપૂર્ણ વ્યક્તદશા પ્રગટ થઈ એવી કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતસુખ, અનંતવીર્યની પરિપૂર્ણ પર્યાયો સહિત અર્હંતનું સ્વરૂપ છે તેવું જ આત્માનું સ્વરૂપ છે. કારણ કે બંનેમાં નિશ્ચયથી તફાવત નથી. વળી છેલ્લા તાપથી કસોટીમાંથી પસાર થયેલું જેવું સોળવલું સોનું છે તેવું જ અર્હંતનું સ્વરૂપ સર્વપ્રકારે સ્પષ્ટ છે તેથી અર્હંતનું જ્ઞાન થતાં બધા આત્માનું જ્ઞાન થાય છે. પોતાના આત્માનું તથા પર આત્માનું, પુણ્ય-પાપમાં અટકે તેવું અથવા જ્ઞાન, દર્શનની હીણી દશાવાળું સ્વરૂપ જ નથી. પણ પરિપૂર્ણ દશા પ્રાપ્ત કરે તેવું સ્વરૂપ છે—એમ નક્કી થાય છે. અશુદ્ધ તેરવલું સોનું કોઈપણ ધ્યાનમાં લેતું નથી, સોળવલું ધ્યાનમાં લે છે તેમ બધા જીવોનું સ્વરૂપ નિરપેક્ષ પરિપૂર્ણ છે—તેમ નક્કી થાય છે.

(ક્રમશઃ) ❊

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૪૩, ગાથા - ૩૮)

## નિજ નિધાનને ખોલવાની ચાવી

ભગવાનની વાણીમાં હેય-ઉપાદેય તત્ત્વની વાત આવે છે, તેને શિષ્ય બરાબર પકડી લે કે આનંદસ્વરૂપ નિજ આત્મા ઉપાદેય છે અને રાગાદિ સર્વ હેય છે. આમ પકડીને ભેદજ્ઞાન કરી લે તો તે પોતે જ પોતાનો ગુરુ બની જાય અને ભગવાન તેમાં નિમિત્ત છે.

અહીં પૂજ્યપાદસ્વામીએ અમૃતચંદ્ર આચાર્યનો કળશ આપ્યો છે અને બનારસીદાસે કરેલા તેના હિન્દી અનુવાદનો આધાર આપ્યો છે કે ભાઈ ! તું કહે છે કે મને સમ્યગ્દર્શન કેમ થાય ? પણ ભાઈ ! તું મારો ઉપદેશ માન કે છ મહિના જગતથી ઉદાસ થઈ, સંકલ્પ-વિકલ્પનો વિકાર તજી, એકાંતમાં સ્થિર થઈ આત્માને અનુભવવાનો અભ્યાસ કર તો તને જરૂર સમ્યગ્દર્શન થશે. તારા ઘટરૂપી સરોવરમાં તું જ કમળ બનીને તું જ એની સુવાસ લેવા લાગીશ. લોકો મેટ્રિક અને એલ.એલ.બી.ના અભ્યાસમાં તો વર્ષો વીતાવે છે તો અહીં તો માત્ર છ મહિનાનો જ અભ્યાસ કહ્યો છે કે તું છ મહિના તો એક આત્માની લગની લગાડી જો ! પછી તને અનુભવ ન થાય તો કહેજે.

સર્વજ્ઞ પરમાત્મા પણ આત્માની એટલી મહિમા-પ્રસિદ્ધિ કરે છે કે તારું સ્વરૂપ એવું છે કે મારી વાણીમાં પૂરું આવી શકતું નથી. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો, તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો !' આવો ભગવાન આત્મા એક સમયમાં અનંતગુણની ખાણ પડી છે તે કેમ પ્રાપ્ત ન થાય ? થાય જ. તું નક્કી કર કે મને મારો ભગવાન આત્મા પ્રાપ્ત થશે જ. તેને માટે રઢ લાગવી જોઈએ.

આચાર્ય શિષ્યને ઉપદેશ આપે છે કે ભાઈ ! ઊભો રહે, તીર્થયાત્રા કરવાથી કલ્યાણ થશે કે વ્રત-ભક્તિ પૂજા કરવાથી કલ્યાણ થશે એવા વ્યર્થ કોલાહલને તું છોડી, નિશ્ચિંત થઈ એક છ માસ સુધી એકાંતમાં તારા આત્માનું અલોકન તો કર ! આ છ માસ

અહિંસાકે અર્થ તજા દ્રવ્ય પરિગ્રહ,
દયામય પ્રભૂ વેષ છોડા ઉપધિમય. ૧૧૯

તો વધારેમાં વધારે મુદત આપી છે. અંતર્મુહૂર્તમાં પણ આત્માના દર્શન થઈ શકે છે. માટે તું જો ! હૃદયરૂપી સરોવરમાં કર્મ, વાણી, મન, શરીરાદિ પુદ્ગલથી ભિન્ન ચૈતન્યના તેજથી ભરેલા આત્માની તને ઉપલબ્ધિ થશે, જરૂર થશે. બહારમાં એક ચીજ મળે ત્યાં જોવામાં એકાકાર થઈ જાય છે તો આ તો બધાંને જોનાર જાણનાર મહાન ચૈતન્ય તેજ છે તેને ગુરુગમથી યથાર્થ સમજી તેનો અભ્યાસ કર અને અવલોકન કર તો તેની પ્રાપ્તિ થશે, થશે ને થશે જ.

હવે ૩૯મી ગાથામાં આત્મસંવિત્તિ વધવાથી શું શું થાય છે અને પરિણતિ કેવી થવા લાગે છે તે વાત પૂજ્યપાદસ્વામી સમજાવે છે.

આત્મસંવિત્તિ એટલે આત્માનું વેદન-જ્ઞાન, આનંદ, શાંતિનો અનુભવ થાય તેને આત્મસંવિત્તિ કહેવાય છે.

निशामयति निःशेषमिन्द्रजालोपमं जगत् ।
स्पृहयत्यालाभाय गत्वान्यत्रानुतप्यते ।।३९।।
ઈન્દ્રજાલ સમ દેખ જગ, આતમહિત ચિત્ત લાય,
અન્યત્ર ચિત્ત જાય જો, મનમાં તે પસ્તાય. ૩૯.

યોગી કહેતા જેણે આત્માની દૃષ્ટિ કરી છે અને તેમાં જોડાણ કર્યું છે એવા જ્ઞાની આખા સંસારને ઈન્દ્રજાલ સમાન જાણે છે. આત્મસિદ્ધિમાં જ્ઞાનીદશાનું વર્ણન કરતાં શ્રીમદ્ રાજચંદ્ર કહે છે ને ! 'સકળ જગત તે એંઠવત્, અથવા સ્વપ્ન સમાન, તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચા જ્ઞાન.'

ધર્મી આખા જગતને એંઠ સમાન જાણે છે કેમકે જીવને દરેક વસ્તુનો સંયોગ અનંતવાર થયો છે તે જ સંયોગ ફરી અત્યારે મળ્યો છે, માટે તે એંઠ છે, અથવા સ્વપ્નમાં ઘણો વૈભવ આદિ જોયો હોય પણ નિદ્રા ઉડે ત્યારે તે કાંઈ હોતું નથી તેમ આ બધા વૈભવ સ્વપ્ન સમાન છે, એમ જાણતા હોવાથી જ્ઞાનીને તેમાં રુચિ થતી નથી. અને અજ્ઞાની એ વૈભવ આદિ અનુકૂળ સામગ્રીની હોંશમાં આમ કરશું, તેમ કરશું ને મોટી ઉંમરે ધર્મ કરશું એમ કરતો કરતો મરી જાય છે. તે પછી સારો ભવ પણ પામતો નથી.

ધર્મી તો એક આત્મસ્વરૂપની પ્રાપ્તિની જ અભિલાષા કરે છે, તથા જે કદાચ

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૩ ઉપર)

આપકા અંગ ભૂષણ, વચનસે રહિત,
ઇન્દ્રિયાં શાંત જહં, કહત તુમ કામજિત;



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## નિર્વિકલ્પ–સ્વાનુભવનું પ્રત્યક્ષપણું

‘‘પ્રશ્ન :—એ સ્વાનુભવમાં પણ આત્મા પરોક્ષ જ છે તો ગ્રંથોમાં એ અનુભવને પ્રત્યક્ષ કેમ કહ્યો છે? ઉપરની ગાથામાં જ (પૃષ્ઠ ૩૮માં) કહ્યું છે કે ‘पच्चक्खो अणुहवो जह्मा.’

તેનું સમાધાન :—અનુભવમાં આત્મા તો પરોક્ષ જ છે, કાંઈ આત્માના પ્રદેશનો આકાર તો ભાસતો નથી, પરંતુ સ્વરૂપમાં પરિણામ મગ્ન થતાં જે સ્વાનુભવ થયો તે પ્રત્યક્ષ છે. એ સ્વાનુભવનો સ્વાદ કાંઈ આગમ–અનુમાનાદિક પરોક્ષપ્રમાણાદિ વડે નથી જણાતો. પોતે જ એ અનુભવના રસાસ્વાદને વેદે છે. જેમ કોઈ અંધ મનુષ્ય સાકરને આસ્વાદે છે ત્યાં સાકરના આકારાદિ તો પરોક્ષ છે પણ જીભ વડે જે સ્વાદ લીધો છે તે સ્વાદ પ્રત્યક્ષ છે એમ જાણવું. (આ પ્રકારે સ્વાનુભવનું પણ પ્રત્યક્ષપણું જાણવું.)

અથવા, જે પ્રત્યક્ષ જેવું હોય તેને પણ પ્રત્યક્ષ કહીએ છીએ; જેમ લોકમાં પણ કહીએ છીએ કે ‘અમે સ્વપ્નમાં કે ધ્યાનમાં અમુક પુરુષને પ્રત્યક્ષ દેખ્યો’ ત્યાં પ્રત્યક્ષ દેખ્યો નથી પરંતુ પ્રત્યક્ષની જેમ પ્રત્યક્ષવત્ યથાર્થ દેખ્યો તેથી તેને પ્રત્યક્ષ કહીએ છીએ. તેમ અનુભવમાં આત્મા પ્રત્યક્ષની જેમ યથાર્થ પ્રતિભાસે છે, તેથી આ ન્યાયે આત્માનું પણ પ્રત્યક્ષ જાણવું હોય છે એમ કહીએ છીએ, તેમાં દોષ નથી. કથન અનેક પ્રકારનાં છે તે સર્વે આગમ–અધ્યાત્મશાસ્ત્રો સાથે વિરોધ ન આવે તે રીતે વિવક્ષાભેદ વડે જાણવાં.’’

સાધકને આ સ્વાનુભવમાં મતિ–શ્રુતજ્ઞાન છે તે અપેક્ષાએ તેને ભલે પરોક્ષ કહ્યો, પરંતુ સ્વાનુભવના આનંદનું વેદન તો મતિ–શ્રુતજ્ઞાનીને પણ કેવળજ્ઞાની જેવું સાક્ષાત્ છે; આનંદનું વેદન કાંઈ પરોક્ષ નથી. માટે સ્વાનુભવને પ્રત્યક્ષ કહ્યો છે. જેમ અંધ મનુષ્ય સાકરના રંગ વગેરેને નજરે નથી દેખતો તે અપેક્ષાએ તેને સાકર પરોક્ષ છે પરંતુ મોઢામાં જે મીઠો સ્વાદ તેને વેદાય છે તે સ્વાદ કાંઈ તેને પરોક્ષ નથી, તે તો જેવો દેખતા માણસને સ્વાદ આવે તેવો જ સ્વાદ આંધળાને આવે છે, તે સ્વાદની જાતમાં કાંઈ ફેર નથી, ને સ્વાદનું વેદન કાંઈ પરોક્ષ નથી. તેમ મતિ–શ્રુતજ્ઞાની અસંખ્ય આત્મપ્રદેશ

ઉગ્ર શસ્ત્રં વિના નિર્દયી ક્રોધ જિત,<br>
આપ નિર્મોહ, શમમય, શરણ રાખ નિત. ૧૨૦

વગેરેને કેવળી પ્રભુની જેમ પ્રત્યક્ષ ભલે ન દેખે, તે અપેક્ષાએ તેને આત્મા પરોક્ષ છે, પરંતુ સ્વાનુભવમાં આત્માના આનંદનો જે અતીન્દ્રિયસ્વાદ મતિ–શ્રુતજ્ઞાનીને ચોથા ગુણસ્થાને આવે છે તે તો પોતે સાક્ષાત્ વેદે છે; પ્રત્યક્ષજ્ઞાની જેવો આનંદ વેદે છે તેવો જ આનંદ સ્વાનુભવમાં મતિ–શ્રુતજ્ઞાની વેદે છે. તેમાં વધારે–ઓછાપણું ભલે હો પણ આનંદના વેદનની જાતમાં કાંઈ ફેર નથી, ને એ આનંદનું વેદન કાંઈ પરોક્ષ નથી. માટે સ્વાનુભવને પ્રત્યક્ષ કહીએ છીએ.

અથવા, પ્રત્યક્ષ કહેવાનો બીજો પ્રકાર એ છે કે સ્વાનુભવથી જે આત્માને જાણ્યો તે પ્રત્યક્ષ જેવો જ સ્પષ્ટ જાણ્યો છે. પ્રત્યક્ષ જેવું હોય તેને પણ પ્રત્યક્ષ કહેવાય છે–એ ન્યાયે આ સ્વાનુભવને પણ પ્રત્યક્ષ કહીએ છીએ. કેમકે, સ્વાનુભવમાં મતિ–શ્રુતજ્ઞાને પણ આત્માને પ્રત્યક્ષની માફક યથાર્થ જાણ્યો છે. તે મતિશ્રુતજ્ઞાન પણ પ્રત્યક્ષ જેવા જ (એટલે કે કેવળજ્ઞાન જેવા જ) જોસદાર–નિઃસંદેહ–યથાર્થ છે, તેથી તેના સ્વાનુભવને પ્રત્યક્ષ કહીએ તો કોઈ દોષ નથી. આ રીતે આગમની સામાન્ય શૈલીમાં તે મતિશ્રુતને પરોક્ષ કહેવાય ને અધ્યાત્મની ખાસ શૈલીથી તેને પ્રત્યક્ષ પણ કહેવાય છે. આગમ–અધ્યાત્મશાસ્ત્રોમાં ભિન્ન ભિન્ન વિવક્ષાથી અનેક પ્રકારનાં કથન આવે છે, તેની વિવક્ષા સમજીને, તેમાં પરસ્પર વિરોધ ન આવે અને પોતાનું હિત થાય તે પ્રમાણે તેનો આશય સમજવો જોઈએ. એક ઠેકાણે એક વાત વાંચી હોય તે જ બધે ઠેકાણે પકડી રાખે, ને બીજે ઠેકાણે બીજી વિવક્ષાથી કાંઈ બીજો પ્રકાર આવે ત્યાં જો તેનો આશય ન સમજે, તો બંનેનો મેળ મેળવવો મુશ્કેલ પડે. માટે ક્યાં કઈ વિવક્ષા છે તે સમજવું જોઈએ.

મનના અવલંબનની અપેક્ષાએ મતિ–શ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યા છે; પરંતુ મનનું અવલંબન હોય માટે આત્માને જાણી જ ન શકે એમ નથી; કેમકે તે જ્ઞાનમાં સ્વાનુભવ વખતે સૂક્ષ્મ–અબુદ્ધિપૂર્વક મનનું જોડાણ છૂટી ગયું છે એટલા અંશે તેમાં પ્રત્યક્ષપણું છે. જે અબુદ્ધિપૂર્વક વિકલ્પ છે તેમાં મનનું અવલંબન છે, પણ આત્માનું જે સ્વસંવેદન છે તેમાં તો મનનું અવલંબન છૂટી ગયું છે. તેમાં કેવળજ્ઞાન જેવું પ્રત્યક્ષપણું ભલે નથી પણ સ્વાનુભવપ્રત્યક્ષપણું છે. નિર્વિકલ્પ સ્વાનુભવને પ્રત્યક્ષ કહ્યો તથા તેમાં આનંદની ખાસ વિશેષતા કહી, આમ તેનો ઘણો મહિમા કર્યો. તો આવો સ્વાનુભવ કયા ગુણસ્થાને થાય? કોઈ મોટા મુનિઓને જ આવો અનુભવ થતો હશે, કે ગૃહસ્થનેય થતો હશે? એ વાત હવેના પ્રશ્ન–ઉત્તરથી સ્પષ્ટ કરે છે. (ક્રમશઃ) ❊

**શ્રી નેમિનાથ સ્તુતિ**

ભગવન્ ઋષિ ધ્યાન સુ શુક્લ કિયા,
ઇંધન ચહું કર્મ જલાય દિયા;



# મુક્તિનો માર્ગ

(સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સત્તાસ્વરૂપ પર પ્રવચનો)

પ્રવચન આઠમું (ભાદરવા સુદ ૪ મંગળવાર)

બાહ્ય જૈની કેવો હોય તે અત્યારે કહેવાય છે અને સવારે સમયસારજીમાં અંતર જૈની કેવા હોય તે કહેવાય છે. જેણે પોતાના આત્માના સ્વભાવના બળ વડે પોતાની પૂર્ણદશારૂપ પરમાનંદ સ્વરૂપ પ્રગટ કર્યું છે એવા વીતરાગ જિનદેવને બાહ્ય લક્ષણો વડે ઓળખાણ પૂર્વક માનનાર બાહ્ય જૈની છે અને અંતરના પોતાના વીતરાગ સ્વરૂપની શ્રદ્ધા કરે તે અંતર જૈની છે.

પ્રશ્ન :—અંતરંગ સ્વરૂપ માને અને બહારમાં દેવ-ગુરુને ન માને તો તે કેવા કહેવાય?

ઉત્તર :—તે કાં તો વીતરાગ હોય અને કાં તો તદ્દન મૂઢ હોય.

પ્રશ્ન :—બહારનું ન માને તે બધા વીતરાગ હોય?

ઉત્તર :—બહારનું ન માનનારના બે પ્રકાર છે : એક તો અરિહંત વીતરાગદેવ અને બીજો અજ્ઞાની મૂઢ જીવ. તેમાં સર્વજ્ઞ અરિહંતદેવ અંતરંગ જ્ઞાનપણે સંપૂર્ણ વીતરાગ છે અને અજ્ઞાની અજ્ઞાનપણે સંપૂર્ણ રાગી છે.

પોતાના અંતરંગ સ્વરૂપનું ભાન કરવું તે અભ્યંતર જૈનપણું છે; તે જૈનપણું પ્રગટ્યા વગર વીતરાગતા આવી શકે નહિ, અને અંતરંગ જૈનપણું પ્રગટ્યા પછી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી વચ્ચે દેવ-ગુરુ-ધર્મની ભક્તિ, પ્રભાવના વગેરેનો શુભરાગ આવે.

આ તો સર્વજ્ઞ ભગવાનનું શાસન છે; એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણનાર જાગતી ચૈતન્યજ્યોતમય સર્વજ્ઞદેવનો પ્રકાશેલો આ માર્ગ છે. તેમાં બીજું ચાલે તેમ નથી. અંતરંગ સ્વરૂપની શ્રદ્ધા કરીને અંતર જૈની બને તેની તો વાત જ શી? એ તો જિનેશ્વરદેવનો લઘુનંદન થઈ ગયો. અંતર જૈનપણું એ તો અપૂર્વ છે, પણ અહીં તો હજી બાહ્ય જૈની ક્યારે બને તે વાત ચાલે છે; બાહ્ય જૈની થયા વગર અંતર જૈની કોઈ થઈ શકે નહીં. કુદેવાદિને છોડીને સાચા દેવાદિની ભક્તિ, તન, મન, ધનથી ન કરે તે તો બાહ્ય જૈની પણ નથી. સાચા દેવ-ગુરુ-ધર્મ મળવા અનંતકાળે પણ દુર્લભ છે. તે બાહ્ય

વિકસિત અમ્બુજવત્ નેત્ર ધરેં,
હરિવંશ-કેતુ, નહિં જરા ધરેં. ૧૨૧

નિમિત્તો છે, છતાં પ્રથમ બાહ્ય સાચા નિમિત્તોની શ્રદ્ધા, ભક્તિ આવ્યા વગર અંતરના ઉપાદાન સ્વરૂપની શ્રદ્ધા થઈ શકે નહિ.

પ્રશ્ન :—સવારે આપે જ કહ્યું હતું કે દેવ-ગુરુ-શાસ્ત્ર કોઈને સમજાવી દેતા નથી ?

ઉત્તર :—એ બરાબર છે; પણ 'નિમિત્ત નથી' એમ કોણે કહ્યું ? સત્ સમજવા માટે સત્‌દેવ-ગુરુ-શાસ્ત્રનું જ નિમિત્ત હોય, પણ નિમિત્ત પરને કાંઈ કરતું નથી. સત્‌માં સત્ નિમિત્તો આવ્યા વગર રહે નહિ. પ્રથમ જો સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખીને તેમને નિમિત્ત તરીકે ન સ્વીકારે તો બાહ્ય જૈનપણું પણ નથી. વીતરાગ પ્રત્યે રુચિ પણ તેને થઈ નથી.

હે નાથ! હે દેવ! તારી ભક્તિ પાસે અમને ઈન્દ્રપદ, કામધેનુ ગાય, ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ કે ચક્રવર્તીના રાજ્ય એ બધું સડેલા તરણા સમાન લાગે છે—આવા ભાવપૂર્વક અરિહંતદેવની ભક્તિ ગણધરો અને ઈન્દ્રો પણ કરે છે. તેઓને આત્માનું ભાન છે પણ હજી પૂર્ણદશા થઈ નથી તેથી વચ્ચે શુભરાગ આવી જાય છે. અંતરમાં તેઓ સમજે છે કે આ શુભરાગ છે તે મારું સ્વરૂપ નથી, આ શુભરાગ ટાળીશ ત્યારે વીતરાગતા થશે. આ રીતે દેવ-ગુરુ-ધર્મ તરફનો શુભરાગ આવ્યા વગર રહેતો નથી, પણ તે શુભરાગથી ધર્મ થતો નથી.

ત્રણ લોકના નાથ કે જેને વિચિક્ષણજ્ઞાન (કેવળજ્ઞાન) પ્રગટ્યું છે તેઓ અને તેમના અનુયાયીઓ સિવાય ત્રણ કાળમાં કોઈએ સત્ કહ્યું નથી અને કહી શકશે પણ નહીં; એવા વીતરાગદેવના શ્રદ્ધા-જ્ઞાન જેઓ કરતા નથી અને ક્રિયા પણ સુધારતા નથી એટલે કે રાગની દિશા બદલાવતા નથી તેઓ તો વ્યવહારે પણ જૈન નથી.

પ્રશ્ન :—આપ કહો તો બે-પાંચ જાતની લીલોતરી છોડી દઈએ, પણ અમને જૈનમાં રાખો ?

ઉત્તર :—અરિહંતદેવ અને પરમગુરુને ઓળખે નહિ અને અંતરથી તેમની ભક્તિનો ઉલ્લાસ ન જાગે, તેમને માટે તન-મન-ધન ન લગાવે ત્યાં સુધી તો જૈનપણું વ્યવહારે પણ નથી અને તે પોતાના ભાવરૂપી અનંતી લીલોતરીને ઊંધા ભાવમાં કચરી નાખે છે. આ આત્મા પોતે લીલોછમ આનંદમૂર્તિ વીતરાગસ્વરૂપ છે, તે

નિર્દોષ વિનય દમ વૃષ કર્તા,
શુચિ જ્ઞાન કિરણ જન હિત કર્તા;

વીતરાગસ્વરૂપની ભક્તિ ન કરે તો તેમાં આત્માનો આનંદ હણાય છે અને તે જ આત્માના લીલાછમ સ્વરૂપની હિંસા છે. અરે! તું સાચા દેવ-ગુરુને માનતો હો તો તારી પેદાશનો આઠમો-દસમો ભાગ પણ દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના વગેરેમાં કાઢ્યો છે કે નહિ? જે પોતાના ભાવની ક્રિયા પણ સુધારતા નથી તે વીતરાગના ભક્ત નથી.

ધ્યાન રાખજો! આ વાત એકલા પુરુષોને જ લાગુ પડતી નથી, પરંતુ બૈરાંઓને પણ સરખી જ લાગુ પડે છે. બાયડીને દાગીનાં કરાવી દીધા તો તે ઉપર બાયડીનો કાંઈ હક્ક ખરો કે નહીં? બાયડીને કાંઈ દાનાદિકમાં ખર્ચવું હોય તો ખર્ચી શકે કે નહીં? ઘણી સ્ત્રીઓ પાસે મૂડી હોય પણ ખરચવા માટે નહિ, એ મૂડી તો એમ ને એમ પડી રહે અને પોતે ખર્ચ્યા વિના મડદું થઈને ચાલી જાય મસાણમાં, તથા પુરુષ પણ મડદું થઈને જાય મસાણમાં! બંને મસાણમાં જાય અને પૈસા-દાગીનાં બધું પડ્યું રહે તેના ઠેકાણે! પણ ભડના દીકરા જીવતાં કાંઈ ખરચે નહીં.

દેવ-ગુરુ-ધર્મને માટે કાંઈક કરવાની વાત આવે ત્યાં બહાના કાઢે છે, તો આ બંગલા-મોટર વગેરેમાં હજારો રૂપિયા ખરચે છે તે ક્યાંથી લાવ્યો? ધર્મની વાત આવે ત્યાં કહે કે અમારી પાસે આટલું બધું ધન નથી. વાહ! તમારી ઊંધાઈ! છોકરાનું સગપણ વગેરેમાં લાંબો વિચાર કરે, બે વર્ષ પછી 'હોળીનો હારડો' દેવો પડશે એમ આગળથી યાદ કરે, પણ દેવ-ગુરુ-ધર્મને માટે કદી વિચાર કર્યો? તેમનો મહિમા, પ્રભાવના વગેરે માટે કાંઈ કરવાનો ભાવ પણ કદી આવે છે કે માત્ર લુખ્ખી વાતો જ કરો છો? દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવના, ભક્તિ માટે જેને ઉલ્લાસ નથી આવતો તે વીતરાગનો ભક્ત નથી.

વીતરાગના ભક્ત હોય તેને દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રભાવનાદિ કાર્યોમાં તન-મન-ધન ખર્ચવાના ટાણાં આવે તો ઉલ્લાસથી ઉછળી પડે કે અહો! ધન્ય ટાણાં! ધન્ય આ પ્રસંગ! ધન્ય દેવ-ગુરુ-શાસ્ત્ર! દેવ-ગુરુ-શાસ્ત્રથી અધિક શું છે? મારા હાથે દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના થઈ, ધન્ય જીવન! આમ તન, મન, ધનથી ઉલ્લાસપૂર્વક જે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરતા નથી તેનું જીવન અફળ છે.

કોઈ વીતરાગી દેવ-ગુરુ-ધર્મને માટે તન, મન, ધન ખર્ચે નહીં અને બચાવ કરવા ખાતર કહે કે ભાઈ! વીતરાગનો માર્ગ તો વીતરાગથી જ શોભી રહ્યો છે એમાં અમારું

શીલોદધિ નેમિ અરિષ્ટ જિનં,
ભવ નાશ ભએ પ્રભુ મુક્ત જિનં. ૧૨૨

શું ગર્જું? શાસનના પુણ્ય અલૌકિક છે તેથી જ શાસન શોભી રહ્યું છે. તો તેને કહે છે કે તારા બાયડી-છોકરાં પણ પુણ્યથી જ 'શોભા' પામી રહ્યા છે છતાં તેમાં શા માટે મફતનો મહેનત કરે છે? ત્યાં તો ઉલ્લાસથી બધું કરે છે અને અહીં કોરી વાતો કરવી છે? ભલે, શાસન તો તેના પુણ્યથી નભી જ રહ્યું છે, પણ તું અશુભરાગ ટાળીને શુભભાવ કરને! જો વીતરાગદેવને માનતા હો તો અશુભરાગની દિશા પલટાવીને દેવ, ગુરુ, શાસ્ત્ર માટે ઉલ્લાસપૂર્વક તન-મન-ધન લગાવો. માત્ર કોરી વાતોથી—શુષ્ક વાતોથી—પાંચ અજ્ઞાની આળસુ માણસોની સાથે સંબંધ રાખવા 'પ્રમાદના ગોર' જેવા બનીને બાહ્યજૈની બનવા માગો છો, પણ અંતરના ભાવ વગર સાચું ફળ આવશે નહીં, અને આ અવસર (મનુષ્યદેહ) ચાલ્યો જશે ત્યારે તમે જ પશ્ચાત્તાપ કરવાના છો.

પ્રથમ ગૃહીત મિથ્યાત્વ દશામાં ઊંધી માન્યતાથી કુદેવાદિમાં તન, મન, ધન વગેરે લગાવતા હતા અને હવે સુદેવ-ગુરુ-ધર્મ માટે તેના કરતાં અધિક નથી ખરચતા, તો શું જૈનમતમાં આવવાથી તમારી શક્તિ ઉલટી ઘટી ગઈ? કે કપટ વડે માત્ર લોકોને દેખાડવા જૈની થયા છો? કે તમને ત્રિલોકીનાથ પરમાત્મા અરિહંતનું સાચાપણું—મોટાપણું ભાસ્યું નથી? અથવા તો શું તમને દેવ-ગુરુ-ધર્મની ભક્તિનું કાંઈ ફળ દેખાતું નથી? લ્યો, આટલા પડખા મૂક્યા છે. ક્યાંક પણ જીવ અટક્યો છે, નહિતર દેવ-ગુરુ-ધર્મની ભક્તિ, બહુમાન આવ્યા વગર રહે જ નહીં. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિમાં સત્‌ના નિમિત્તોનું બહુમાન છે ને તેમાં ઊંચા શુભભાવરૂપ મહાન ફળ છે. સંસારના કાર્યોનું ફળ ચોરાશીના—નરકાદિ ગતિના—અવતાર છે, અને આ સાચા દેવ-ગુરુની ભક્તિનું શુભફળ આવ્યા વગર રહેશે નહીં.

વળી કાં તો તમને સર્વજ્ઞદેવનું સાચું સ્વરૂપ ભાસ્યું નથી તેથી તમે ઉલ્લાસપૂર્વક ભક્તિ વગેરેમાં તન-મન-ધન લગાવતા નથી. જો તમને સર્વજ્ઞદેવનું સાચાપણું ખરેખર ભાસ્યું હોય તો તમને સ્વયં ઉત્સાહ કેમ થતો નથી? અહો! અમારો અવતાર ધન્ય છે કે અમને દેવ-ગુરુ-ધર્મની ભક્તિ-પ્રભાવનાનો પ્રસંગ પ્રાપ્ત થયો! આ તો અમારું જ કાર્ય છે, ધન્ય! ધન્ય! અમારા હાથમાં આ કાર્ય આવ્યું તે અમારા ધનભાગ્ય છે! આ રીતે સ્વયં ઉત્સાહરૂપ તમે કેમ નથી પ્રવર્તતા? જો દેવ-ગુરુની સાચી પ્રીતિ થઈ હોય તો તે કાર્યોમાં ઉત્સાહથી તન-મન-ધન-કાળ-જ્ઞાન વગેરે લગાવવા જોઈએ. (ક્રમશઃ) ❊

तुम पादकमल युग निर्मल हैं,
पदतल-द्वय रक्त-कमल-दल हैं;



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

### સમાધિ વર્ણન

આધિ-વ્યાધિ-ઉપાધિરહિત દશા તે સમાધિ. કુટુંબ-પરિવાર આદિ પરની ક્રિયા તે ઉપાધિ છે. શરીરમાં રોગાદિ થાય તે વ્યાધિ અને મનમાં સંકલ્પ-વિકલ્પ થાય તે આધિ છે. એ ત્રણથી રહિત આત્મામાં લીન થવું તે સમાધિ છે. આત્મા મન, વાણી અને દેહથી ભિન્ન છે. શુભાશુભભાવથી રહિત પોતાનું સ્વરૂપ છે. એમ સ્વસન્મુખ દૃષ્ટિ થતા લીનતા થાય તે સમાધિ છે, એ જ ધર્મ છે. આવું સ્વરૂપ સમજે નહિ અને બહારથી હા, હો અને હરિફાઈ કરે, લાખો રૂપિયા દાનમાં આપે અને લોકો માન આપે. એમાં આત્માનો ધર્મ નથી. પર પદાર્થની ક્રિયા થાય છે એ તો જડનું વહેવું-દ્રવણ છે આ જે શુભાશુભ ભાવ તે વિકારનું દ્રવણ છે. એમાં આત્માનું દ્રવણ નથી. સ્વભાવનું દ્રવણ થાય તે ધર્મદશા છે.

સમ્યગ્જ્ઞાન થવાથી સુખ થાય. સમ્યક્ એટલે સત્ય અને સત્ય તે જ સુખ છે. મિથ્યાજ્ઞાન તે અસત્ય છે અને અસત્ય તે દુઃખરૂપ છે. સમ્યગ્જ્ઞાન થતાં વસ્તુનો મહિમા થાય અને આત્મામાં આનંદ પ્રગટે માટે—આત્મા અંતર શુદ્ધસ્વરૂપ છે, એનું જ્ઞાન તે સમ્યક્જ્ઞાન છે. એ સમ્યગ્જ્ઞાન થતાં આત્માનો મહિમા થાય છે. અને આત્મા જાણતાં જ આનંદ થાય છે. હું જ્ઞાયક છું, અખંડ છું, અભેદ છું—એમ જાણવું તે જ આનંદ છે. જ્ઞાન જ્ઞાનને જાણે તે આનંદ છે. જ્ઞાન થાય અને પરને જાણવામાં રોકાતું હતું તે જ દુઃખ હતું. જ્ઞાન જ્ઞાનને જાણે છે. જ્ઞાન દર્શનને જાણે છે. જ્ઞાન બધા ગુણોને જાણે છે અને પોતાની પર્યાયને પણ જાણે છે. તે કેટલી નિર્મળ છે, અને કેટલી મલિન છે તેને પણ જાણે છે. એકદેશ જ્ઞાન સાધકદશામાં છે. પૂર્ણજ્ઞાન નથી, પૂર્ણજ્ઞાન તો કેવળજ્ઞાનમાં થશે. અંતરજ્ઞાન દ્વારા પોતાના દ્રવ્યને તથા અનંત ગુણોને જાણતાં પરમપદ પામે છે. નીચલી દશામાં આત્માને યથાર્થ જાણતાં પરમપદ જેવું અંશે સુખ પ્રગટે છે. સાધકદશામાં પ્રત્યક્ષ જાણતો નથી. તેથી ત્યાં જ્ઞાન પરોક્ષ છે, પણ વેદન પ્રત્યક્ષ છે, જ્ઞાન પ્રત્યક્ષ નથી, પણ પ્રતીતિમાં તો પ્રત્યક્ષ છે. સ્વરૂપમાં ઉપયોગ જામી ગયો હોય એવી સમાધિ થતાં બાહ્ય

નખ ચન્દ્ર કિરણ મંડલ છાયા,<br>
અતિ સુંદર શિખરાંગુલિ ભાયા. ૧૨૩

પરિષહાદિનું વેદન થતું નથી. સનત્કુમાર ચક્રવર્તીને કોઢ હતો. વળી મુનિને અગ્નિમાં નાખી દે એ વખતે પણ તેમને આત્માનું વેદન હોય છે. દુઃખનું વેદન હોતું નથી. કેમકે ત્યાં નિર્વિકલ્પ અનુભવ હોય છે. સમયસાર કળશ ૧૦માં કહે છે કે જ્ઞાનસ્વરૂપે થવાનું એટલે અનુભૂતિ કરવાનું જ આગમમાં નિધાન અર્થાત્ ફરમાન છે. ભગવાન આત્માના અનુભવને જ ધર્મની વિધિ કહી છે. સર્વજ્ઞની વાણીમાં એવું ફરમાન નીકળ્યું છે કે તારો આત્મા જ્ઞાનાનંદ છે, અખંડ છે—એનો જ એવો અનુભવ કરવો તે વિધાન છે. શરીરની કે રાગની વિધિ કરતાં કરતાં ધર્મ થાય—એમ નથી. વિધિ વિધાન તો આત્માની દૃષ્ટિ કરી અંતરલીનતા કરવી તે એક જ છે. પુણ્ય-પાપનો વિકાર તે વિધિ નથી. રાગની ભૂમિકામાં હેયબુદ્ધિપૂર્વક તે દયા-દાન-ભક્તિ-વ્રતાદિના શુભભાવ આવે ખરા પણ ભગવાને ખરેખર તેને ધર્મની વિધિ કહી નથી. આત્માનો અનુભવ કરવો એ જ ધર્મ છે, એ જ વિધિ અને એ જ વિધાન છે, એનાથી જ સમાધિ પ્રગટે છે, અસમાધિ થતી નથી. સ્વરૂપનું વેદન કરવું એને જ ભગવાને વિધાન કહેલ છે.


અજ્ઞાની શાસ્ત્રના અર્થને સમજતો નથી. શાસ્ત્રમાં તો નિમિત્તથી પણ કથન કર્યું હોય. આત્મા છે તો એની પર્યાય એનાથી થાય કે પરથી થાય? પરથી થાય એમ માને તે નિમિત્તના કથનને સમજતો નથી. એક મૂરખો પરદેશ ગયો હતો. એના બાપે કાગળ લખ્યો કે તારી સ્ત્રી કહે કે હું રાંડી છું. તે કાગળ વાંચી તેણે માન્યું કે મારી સ્ત્રી રાંડી, પણ તેના લખાણને સમજ્યો નહિ કે હું બેઠો મારી સ્ત્રી રાંડે નહિ. એમ શાસ્ત્રના કથનને સમજે નહિ અને મારી પર્યાય પરથી થાય એમ માને તે આત્મા જીવતો-મોજૂદ પદાર્થ છે. એની પર્યાય પરથી થાય નહિ. આટલી પણ તેને ખબર નથી. અહીં તો કહે છે કે પરની તો વાત નથી. પણ આત્મામાં શુભાશુભ ભાવ થાય એ પણ ધર્મનું વિધાન નથી. જ્ઞાની સ્વસન્મુખ થઈને આત્માનો અનુભવ થાય તે ધર્મનું વિધાન સમજે છે અને તે જ સમાધિ છે.

(ક્રમશઃ) ❋

---


(અનુસંધાન પેજ નં. ૨૧ થી ચાલુ) (દુઃખના કારણરૂપ ચાર પ્રકારની....)

જ્યાં સુધી જીવ પોતાના નિરાકુળ સ્વરૂપને ન જાણે ત્યાં સુધી તેને ઉપરની ચારે પ્રકારની ઈચ્છાનો નિરંતર સદ્ભાવ હોય છે. તે ઈચ્છા કેમ થાય છે? તેને પોતાના સુખસ્વરૂપનો નિર્ણય અને વેદન નથી તેથી તેને સ્વરૂપનો સંતોષ નથી પણ સદાય અસંતોષ રહ્યા કરે છે, તેથી તે પરવસ્તુથી સુખ મેળવવાની ઈચ્છા કરે છે. આત્મા તો જ્ઞાન–આનંદના સ્વભાવવાળો કૃતકૃત્ય છે તેની રુચિ અને પ્રતીતિ કરે તો પર દ્રવ્યો પ્રત્યેની ઈચ્છા ટળે. પણ પોતાના એવા સ્વભાવની રુચિ, પ્રતીતિ કે વિશ્વાસ ન કરે અને પરવિષયોના ગ્રહણની રુચિ કરે તે જીવને કદી ઈચ્છા ટળતી નથી, આત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રને ચૂકીને ઈચ્છામાં જ તે લીન થઈ ગયો છે, એ જ દુઃખ છે.




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ત્રીજી ઢાળ ગાથા ૪-૫-૬)



## જીવતત્ત્વ અને તેના ભેદોનું વર્ણન

વ્યવહાર સમ્યગ્દર્શનમાં જીવાદિ સાત તત્ત્વોનું શ્રદ્ધાન કરવાનું કહ્યું તે તત્ત્વોનું હવે વર્ણન કરે છે. તેમાં પ્રથમ જીવતત્ત્વનું વર્ણન ત્રણ શ્લોકમાં કરે છે—

बहिरातम अंतर-आतम, परमातम, जीव त्रिधा है,
देह-जीवको एक गिनें बहिरातम तत्त्वमुधा है।
उत्तम मध्यम जघन त्रिविधके अंतर-आतम ज्ञानी,
द्विविध संग बिन शुद्ध-उपयोगी, मुनि उत्तम निजध्यानी ।।४।।

मध्यम अंतर-आतम हैं, जे देशव्रती अनगारी,
जघन कहे अविरत समदृष्टि, तीनों शिवमगचारी।
सकल निकल परमातम द्वैविध, तिनमें घातिनवारी,
श्री अरिहन्त सकल परमातम, लोकालोक निहारी ।।५।।

ज्ञानशरीरी त्रिविध कर्ममल वर्जित सिद्ध महन्ता,
ते हैं निकल अमल परमातम, भोगैं शर्म अनंता।
बहिरातमता हेय जानि तजि, अंतर-आतम हूजै,
परमातमको ध्याय निरंतर, जो नित आनंद पूजै ।।६।।

નિશ્ચયસમ્યગ્દર્શનમાં તો એક જ્ઞાયકભાવરૂપ અખંડ જીવ કે જે શુભાશુભભાવરૂપે પણ પરિણમતો નથી એવા શુદ્ધ જીવની અભેદ શ્રદ્ધા છે, તેમાં ભેદ પડતા નથી. અહીં વ્યવહારસમ્યગ્દર્શનના વિષયરૂપ સાત તત્ત્વોનું કથન છે તેથી તેમાં જીવની અવસ્થાના પ્રકારો બતાવ્યા છે. નિશ્ચયથી બધા જીવો જ્ઞાનસ્વભાવી એકસરખા છે; અવસ્થા અપેક્ષાએ જીવોના ત્રણ પ્રકાર છે—(૧) બહિરાત્મા; (૨) અંતરાત્મા; (૩) પરમાત્મા. આ ત્રણ તો જીવની પર્યાયો છે; ને દ્રવ્યસ્વભાવથી બધા જીવો પરમાત્મસ્વરૂપ પરિપૂર્ણ છે, તે સ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્ર થતાં પર્યાયમાંથી બહિરાત્મપણું

ઇન્દ્રાદિ મુકુટ મણિ કિરણ ફિરૈ,
તવ ચરણ ચૂમ્બકર પુણ્ય ભરૈ;

ટળીને જીવ પોતે અંતરાત્મા અને પરમાત્મા થાય છે. પરમાત્મા થયેલા કોઈ જીવ ફરીને બહિરાત્મા ન થાય, પણ બહિરાત્મા જીવ સમ્યક્ત્વાદિ દ્વારા પરમાત્મા થઈ શકે છે. અહો, એકેક જીવમાં પરમાત્મા થવાની સ્વતંત્ર તાકાત, એ વાત જૈનશાસન જ બતાવે છે.

જગતમાં ભિન્નભિન્ન અનંતા જીવો છે; દરેક જીવનું લક્ષણ જ્ઞાનચેતના છે. અવસ્થામાં તે જીવો ત્રણ પ્રકારરૂપે પરિણમે છે, તેનું સ્વરૂપ આ ત્રણ શ્લોકમાં બતાવ્યું છે :

### ✻ બહિરાત્માનું સ્વરૂપ ✻

પોતાનું અંતરંગ જ્ઞાનસ્વરૂપ ભૂલીને બહારમાં શરીર અને જીવને એક માનીને જે વર્તે છે તે મિથ્યાદૃષ્ટિ બહિરાત્મા છે; તે તત્ત્વમાં મૂઢ છે. એવા બહિરાત્મા જીવો અનંતા છે; જગતના જીવનો મોટો ભાગ મિથ્યાદૃષ્ટિ–બહિરાત્મા છે. પણ બહિરાત્મપણું તે જીવનું ખરૂં સ્વરૂપ નથી, એટલે તેને છોડીને જીવ પોતે અંતરાત્મા તથા પરમાત્મા થઈ શકે છે.

### ✻ અંતરાત્માનું સ્વરૂપ ✻

દેહથી ભિન્ન અંતરમાં આત્મસ્વરૂપને જે જાણે છે તે અંતરાત્મા છે. નરકમાં પણ જે સમ્યગ્દૃષ્ટિ છે તે અંતરાત્મા છે. દેડકું, હાથી, વાંદરો, સિંહ વગેરે તિર્યંચોમાં પણ જે જીવો દેહથી ભિન્ન આત્માને અંતરમાં અનુભવે છે તેઓ અંતરાત્મા છે. એવા અંતરાત્મા અસંખ્યાતા છે. ચોથાથી બારમા ગુણસ્થાન સુધીના જીવો અંતરાત્મા છે. તેમાં જેઓ દ્વિવિધ પરિગ્રહથી રહિત છે—અંતરમાં મિથ્યાત્વાદિ મોહથી રહિત છે ને બહારમાં વસ્ત્રાદિથી રહિત છે, અને શુદ્ધોપયોગ વડે નિજસ્વરૂપના ધ્યાનમાં એકાગ્ર છે એવા મુનિવરો તે ઉત્તમ અંતરાત્મા છે, એટલે કે સાતમા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધીના જીવો ઉત્તમ અંતરાત્મા છે; અંતરમાં આત્માના અનુભવ સહિત જેઓ દેશવ્રતી–શ્રાવક છે કે મહાવ્રતી–મુનિ છે તેઓ મધ્યમ–અંતરાત્મા છે, એટલે કે પાંચમા ને છઠ્ઠા ગુણસ્થાનવર્તી જીવો મધ્યમ–અંતરાત્મા છે; અને અવિરત–સમ્યગ્દૃષ્ટિ એટલે જેને વ્રતાદિક ન હોવા છતાં પણ અંતરમાં દેહથી ભિન્ન શુદ્ધ આત્માના અનુભવરૂપ સમ્યગ્દર્શન થયું છે તે જીવો જઘન્ય–અંતરાત્મા છે. આ રીતે ઉત્તમ–મધ્યમ અને

**નિજ હિતકારી પંડિત મુનિગણ,**<br>**મંત્રોચ્ચારી પ્રણમૈં ભવિગણ. ૧૨૪**

જઘન્ય એમ ત્રણ પ્રકારના અંતરાત્મા જાણવા. ચોથાથી બારમા ગુણસ્થાન સુધીના આ બધાય અંતરાત્મા જીવો આત્માને જાણનારા છે ને મોક્ષમાર્ગમાં ચાલનારા છે. બાર અંગને જાણનારા ગણધરભગવાન, અને એક નાનું સમ્યગ્દષ્ટિ દેડકું—એ બંને અંતરાત્મા છે, બંને 'શિવમગચારી' છે—મોક્ષમાર્ગી છે. જુઓ, ચોથા ગુણસ્થાનવર્તી અવિરત-સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને પણ મોક્ષમાર્ગી કહ્યા છે. સમન્તભદ્રસ્વામીએ પણ કહ્યું છે કે—'गृहस्थो मोक्षमार्गस्थ निर्मोहो' (રત્નકરંડશ્રાવકાચાર)

**❊ પરમાત્માનું સ્વરૂપ ❊**

શુદ્ધાત્માના ધ્યાનરૂપ શુદ્ધોપયોગવડે ઘાતીકર્મોને દૂર કરીને, કેવળજ્ઞાનરૂપ પરમપદ જેમણે પ્રગટ કર્યું છે તેઓ પરમાત્મા છે, તેઓ લોકાલોકને પ્રત્યક્ષ જાણનારા છે. તે પરમાત્માના બે પ્રકાર છે : અરિહંત પરમાત્મા, અને સિદ્ધ પરમાત્મા. અરિહંત પરમાત્મા શરીરસહિત હોવાથી તેમને સ—કલ પરમાત્મા કહેવાય છે; એવા લાખો અરિહંત ભગવંતો વિદેહક્ષેત્રમાં અત્યારે વિચરી રહ્યા છે, અને સદાય થયા કરે છે. સિદ્ધપરમાત્માને શરીર હોતું નથી તેથી તેમને નિ—કલ પરમાત્મા કહેવાય છે, તેઓ જ્ઞાનશરીર છે, તેઓ આઠે કર્મથી રહિત છે. તેરમા અને ચૌદમા ગુણસ્થાને બિરાજમાન જીવો અરિહંત પરમાત્મા છે; અને ગુણસ્થાનથી પાર, દેહાતીત સિદ્ધ ભગવંતો છે. સિદ્ધ—પરમાત્મા એટલે ચાર ગતિથી મુક્ત જીવ, તેઓ અનંતા છે. અરિહંત અને સિદ્ધપરમાત્મા આત્માના અનંત સુખને અનુભવે છે.

—આમ ત્રણ પ્રકારમાંથી બહિરાત્મપણાને હેયરૂપ જાણીને છોડવું; અંતરમાં દેહથી ભિન્ન શુદ્ધ પરમસ્વરૂપને ઓળખીને અંતરાત્મા થવું અને નિરંતર તેના જ ધ્યાનવડે પરમાત્મા થઈને નિત્ય અનંત આનંદનો અનુભવ કરવો. દરેક જીવમાં આવા પરમાત્મા થવાની તાકાત છે.

કોઈ કહે કે અમે ગામડામાં રહીએ, ધંધા—વેપાર—મજુરીમાં જીવન વીતાવીએ, ને આ પરમાત્મા થવાની આવડી મોટી વાત આપ સમજાવો છો!

તો કોઈ કહે છે કે—હા, ભાઈ! તું ગામડામાં નથી રહ્યો, તું તો તારા અનંતગુણના મોટા વૈભવમાં રહ્યો છો. દુઃખથી છૂટવા માટે આત્માની દરકાર કરીને જે સમજવા માંગે તે દરેકને સમજાય તેવી આ વાત છે. તારા સ્વરૂપમાં જે છે તે જ તેને

> ધુતિમય રવિસમ રથચક્ર કિરણ,
> કરતી વ્યાપક જિસ અંગ ધરન;

બતાવીએ છીએ, એનાથી વિશેષ કાંઈ નથી કહેતા. બાપુ! જીવનમાં આ વાત લક્ષમાં લેવા જેવી છે, બાકી તો બધું થોથાં છે, તેમાં આત્માનું કાંઈ હિત નથી. પૈસા કમાવા ખાતર મજુરીમાં જીવન વીતાવે છે પણ એ કરોડો રૂપિયામાં કે બંગલા-મોટરમાં ક્યાંય સુખનો છાંટોય નથી, અરે! સ્વર્ગમાંય સુખ નથી ત્યાં મનુષ્યલોકના વૈભવની શી વાત? સુખ તો આત્માના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમાં જ છે. બાકી બહારનાં કોઈ પણ પદાર્થના લક્ષે તો આકુળતા ને દુઃખ જ છે.

ભાઈ! વિચાર તો કર કે—રૂપિયા, મકાન, મોટર વગેરે પદાર્થો તો જીવતત્ત્વ છે?–કે અજીવ? એ તો અજીવ છે. તો શું અજીવમાં કદી સુખ હોય? ના; એનામાં સુખ કદી છે જ નહિ, તો તે તને ક્યાંથી સુખ આપે? માટે અજીવમાં–પરમાં સુખબુદ્ધિ છોડ.

હવે તે અજીવ તરફના વલણનો તારો ભાવ, (–પછી તે અશુભ હો કે શુભ) તેમાં પણ આકુળતા ને દુઃખ જ છે, તેમાં કાંઈ ચૈતન્યના આનંદનું વેદન તો નથી.–માટે તે પરલક્ષી શુભાશુભભાવોમાંય સુખબુદ્ધિ છોડી દે.

સુખથી ભરેલો તારો આત્મસ્વભાવ, તેમાં ઉપયોગ જોડતાં જ સ્વલક્ષે પરમ આનંદ અનુભવાય છે.

જુઓ, સાત તત્ત્વને જાણવામાં આ વાત આવી જાય છે.—

જ્ઞાન ને આનંદ જેમાં છે તે જીવતત્ત્વ;

તેની સન્મુખતાથી આનંદ અનુભવાય–તેમાં સંવર–નિર્જરા–મોક્ષ આવ્યા.

જ્ઞાન ને સુખ જેમાં નથી તે અજીવતત્ત્વ;

તેની સન્મુખતાથી આકુળતા અનુભવાય છે–તેમાં પુણ્ય–પાપ–આસ્રવ ને બંધ આવી ગયા.

આ રીતે તત્ત્વોનું પૃથક્કકરણ કરીને સમજે તો મોક્ષમાર્ગનો સાચો નિર્ણય થયા વગર રહે નહીં. ગાગરમાં સાગરની જેમ આ છહઢાળાના નાના પુસ્તકમાં ઘણા શાસ્ત્રોનો સાર ભરી દીધો છે; પંડિતજીએ પૂર્વાચાર્યોના ઉપદેશ અનુસાર કથન કર્યું છે.

(ક્રમશઃ) ❊

**હૈ નીલ જલદ સમ તન નીલં,**
**હૈ કેતુ ગરુડ જિસ કૃષ્ણ હલં. ૧૨૫**

## દુઃખના કારણરૂપ ચાર પ્રકારની ઇચ્છા અને તે ટાળવાનો ઉપાય

દુઃખનું લક્ષણ આકુળતા છે અને આકુળતા ઈચ્છા થતાં થાય છે. પોતાના નિરાકુળ આત્મસ્વરૂપને જાણ્યા વિના ચાર પ્રકારની ઈચ્છા જીવને થયા કરે છે—

(૧) પરવિષયોના ગ્રહણની ઈચ્છા હોય છે અર્થાત્ તેને દેખવા–જાણવા ઈચ્છે છે, પણ સ્વભાવને જાણવા–દેખવાની ભાવના કરતો નથી. વર્ણ દેખવાની, રાગ સાંભળવાની તથા અવ્યક્ત પદાર્થોને જોવા વગેરેની ઈચ્છા થાય છે અને જ્યાં સુધી તેને દેખે-જાણે નહિ ત્યાં સુધી તે મહાવ્યાકુળ થાય છે. પોતાના આત્મસ્વરૂપને જ જ્ઞાનનો વિષય કરીને તેને જ જાણવાને બદલે પરવસ્તુને જાણવા-દેખવાની ઈચ્છા કરે છે—એનું નામ **વિષય** છે.

(૨) પોતાના શાંત ચૈતન્યસ્વરૂપમાં ક્રોધાદિ નથી, તે સ્વરૂપને ન અનુભવ્યું એટલે પરલક્ષે ક્રોધ, માન વગેરે થતાં બીજાને હલકો પાડવાની, કોઈનું બૂરૂં કરવાની, પરવસ્તુ પ્રાપ્ત કરવાની વગેરે ઈચ્છા થાય છે અને જ્યાં સુધી એવું કાર્ય ન થાય ત્યાંસુધી તે મહાવ્યાકુળ રહ્યા કરે છે, આને **કષાય** કહે છે.

(૩) પોતાના અસંયોગી સ્વભાવનું લક્ષ ન કર્યું એટલે સંયોગ ઉપર જ લક્ષ ગયું. ત્યાં પૂર્વના પાપને કારણે આવેલા રોગ, ક્ષુધા વગેરે પ્રતિકૂળ સંયોગોને દુઃખનું કારણ માનીને તેને દૂર કરવા ઈચ્છે છે અને તે માટે આકુળ-વ્યાકુળ થાય છે. આ ઈચ્છાનું નામ **પાપનો ઉદય** છે.

(૪) પોતાના નિરાકુળ નિર્વિકાર સ્વભાવના અનુભવથી ચ્યુત થઈને, જે સંયોગ અનુકૂળ માને તેને એક સાથે ભોગવી લેવાની ઈચ્છા કરે છે. આ ઈચ્છાનું નામ **પુણ્યનો ઉદય છે**, કેમકે તેનું લક્ષ વર્તમાનમાં પુણ્યના ફળ પ્રત્યે છે. પુણ્યફળને ભોગવવાની જે ઈચ્છા છે તે તો પાપ જ છે.

જો પોતાના સ્વરૂપના અનુભવમાં એકાગ્ર થાય તો કેવળજ્ઞાન થતાં ત્રણ કાળ ત્રણ લોકના સમસ્ત પદાર્થોનું ગ્રહણ જ્ઞાનમાં એક સાથે થાય, પણ અજ્ઞાની જીવ પોતાના સંયોગ રહિત સ્વભાવને ભૂલીને સંયોગને ભોગવવા માગે છે. પણ પુણ્યના ફળરૂપ સર્વે સામગ્રીઓને એક સાથે લક્ષમાં લઈ શકતો નથી, એક સમયે થોડા જ પદાર્થને લક્ષમાં લઈ શકે છે, તેથી સમયે સમયે નવા નવા પદાર્થોને જાણવાની, મેળવવાની કે ભોગવવાની ઈચ્છાથી આકુળ-વ્યાકુળ જ થયા કરે છે, એક સમય માત્ર પણ નિરાકુળ રહેતો નથી. જ્યારે કંઈક મંદ કષાય થાય ત્યારે અજ્ઞાની જીવ પોતાને સુખી માને છે, પરંતુ તેને પોતાના રાગરહિત સ્વરૂપનો અનુભવ નથી અને પર પદાર્થોને ભોગવવાની આકુળતા છે તેથી તે નિરંતર દુઃખી જ છે. (જુઓ અનુસંધાન પેજ નં. ૧૯ ઉપર)



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

પ્રશ્ન :—આટલા બધા શાસ્ત્રો છે તેમાં સમ્યગ્દર્શન માટે વિશેષ નિમિત્તભૂત ક્યું શાસ્ત્ર?

ઉત્તર :—પોતે જ્યારે સ્વભાવને જોવામાં ઉગ્ર પુરુષાર્થ કરે ત્યારે તે વખતે જે શાસ્ત્ર નિમિત્ત હોય તેને નિમિત્ત કહેવાય. દ્રવ્યાનુયોગ હોય, કરણાનુયોગ હોય, ચરણાનુયોગનું શાસ્ત્ર હોય તે નિમિત્ત કહેવાય. પ્રથમાનુયોગને પણ બોધિસમાધિનું નિમિત્ત કહ્યું છે.

પ્રશ્ન :—પોતાના આત્માને જાણતા સમ્યગ્દર્શન થાય છે તો અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણવા જરૂરી નથી ને?

ઉત્તર :—અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવા જરૂરી છે. અરિહંતની પૂર્ણ પર્યાયને જાણે તો તેવી પર્યાય પોતાને પ્રગટરૂપ નથી તેથી તેને પોતાના સ્વદ્રવ્ય તરફ લક્ષ કરતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે ને સર્વજ્ઞ સ્વભાવની પ્રતીતિ થાય છે તેથી અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણતા સમ્યગ્દર્શન થયું તેમ કહેવાય છે.

પ્રશ્ન :—શુદ્ધ સ્વરૂપનો આવડો મોટો થાંભલો દેખાતો કેમ નથી?

ઉત્તર :—નજર બહારમાં ને બહારમાં ભમે છે એને ક્યાંથી દેખાય? પુણ્યના ભાવમાં મોટપ દેખ્યા કરે છે પણ અંદર મહાન પ્રભુ મોટો પડ્યો છે એને દેખવાનો પ્રયત્ન કરે તો દેખાય ને?

પ્રશ્ન :—જિનબિંબથી નિદ્ધત અને નિકાચિત કર્મ નાશ થાય છે અને સમ્યગ્દર્શન પામે છે તેમ ધવલમાં આવે છે તો પરદ્રવ્યના લક્ષે સમ્યગ્દર્શન થાય છે?

ઉત્તર :—ધવલમાં પાઠ આવે છે એનો અર્થ એ છે કે જિનબિંબ સ્વરૂપ નિજ અંતર આત્મા અક્રિય ચૈતન્યબિમ્બ છે તેના ઉપર લક્ષ ને દૃષ્ટિ જાય છે ત્યારે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે અને નિદ્ધત ને નિકાચિત કર્મ ટળે છે ત્યારે જિનબિમ્બના દર્શનથી સમ્યગ્દર્શન થયું ને કર્મ ટળ્યા એમ ઉપચારથી કથન આવે છે. કેમ કે પહેલાં જિનબિમ્બ ઉપર લક્ષ હતું તેથી તેના ઉપર ઉપચારનો આરોપ કરાય છે. સમ્યગ્દર્શન સ્વના લક્ષે જ થાય, પરના લક્ષે ત્રણ કાળમાં ન થાય એવી વસ્તુસ્થિતિ છે.

દોનોં ભ્રાતા પ્રભુ-ભક્તિ-મુદિત,
વૃષવિનય-રસિક જનનાથ ઉદિત;

**પ્રશ્ન :—મિથ્યાત્વનો નાશ સ્વસન્મુખ થવાથી જ થાય છે કે કોઈ બીજો ઉપાય પણ છે?**

ઉત્તર :—સ્વના આશ્રયથી જ મિથ્યાત્વનો નાશ થાય છે; તે જ એક માત્ર ઉપાય છે. તે સિવાય બીજો ઉપાય પ્રવચનસાર ગાથા ૮૬માં બતાવ્યો છે કે સ્વલક્ષે શાસ્ત્રાભ્યાસ કરવો—ઉપાયાન્તર અર્થાત્ બીજો ઉપાય છે, તેનાથી મોહનો ક્ષય થાય છે.

**પ્રશ્ન :—સમ્યગ્દર્શનની ઉત્પત્તિનું કારણ શું છે?**

ઉત્તર :—સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થઈ છે તે રાગની મંદતા હતી માટે પ્રગટ થઈ છે એમ તો નથી જ, પણ સૂક્ષ્મતાથી જોઈએ તો દ્રવ્ય-ગુણના લઈને સમ્યગ્દર્શન થયું છે તેમ પણ નથી. સમ્યગ્દર્શનની પર્યાયનું લક્ષ અને ધ્યેય ને આલંબન દ્રવ્ય છે તોપણ તે પર્યાય પોતાના ષટ્કારકથી સ્વતંત્ર પરિણમી છે. જે સમયની જે પર્યાય થવાની છે તેને નિમિત્ત આદિનું તો આલંબન નથી પણ દ્રવ્યના લઈને થાય છે તેમ નથી. અહાહા! અંતરની વાતો કાચા પારા જેવી બહુ ગંભીર છે, પચાવી શકે તો મોક્ષ થાય છે.

---

(અનુસંધાન પેજ નં. ૨૭ થી ચાલુ) (વાલિખિલ્યની કથા)

આટલા દિવસ પુરુષનો વેશ પહેરીને રાજ્ય ટકાવી રાખ્યું હતું તે વાતથી બધાને આશ્ચર્ય થયું. ગૌતમ સ્વામી રાજા શ્રેણિકને કહે છે કે હે નરાધિપ! પરદ્રવ્યનો હરનાર, દેશનો કંટક એવો રૌદ્રભૂત શ્રી રામના પ્રતાપે વાલિખિલ્યનો આજ્ઞાકારી સેવક થયો. જ્યારે રૌદ્રભૂત વશ થયો અને મ્લેચ્છોની વિષમ ભૂમિમાં વાલિખિલ્યની આજ્ઞા પ્રવર્તી ત્યારે સિંહોદર પણ ભય પામવા લાગ્યો અને અતિસ્નેહથી સન્માન કરવા લાગ્યો. વાલિખિલ્ય રઘુપતિના પ્રસાદથી પરમ વિભૂતિ પામીને શરદ ઋતુમાં સૂર્ય પ્રકાશે તેમ પૃથ્વી પર પ્રકાશ ફેલાવવા લાગ્યો. પોતાની રાણી સહિત દેવોની જેમ સુખ ભોગવવા લાગ્યો.

---

(અનુસંધાન પેજ નં. ૮ થી ચાલુ) (ઈષ્ટોપદેશ)

અન્ય વિષયમાં રાગ આવે છે, તો પશ્ચાત્તાપ કરે છે કે અરે! હું આ ક્યાં ખોવાઈ ગયો! આ મારું સ્વરૂપ નથી. મારા સ્વરૂપ-ઘરમાંથી બહાર નીકળીને હું અહીં ક્યાં આવી ગયો? શાસ્ત્રમાં તો એટલે સુધી કહ્યું છે કે 'શાસ્ત્રમાં જતી બુદ્ધિ વ્યભિચારિણી છે' એ ભલે શુભભાવ છે પણ પોતાના સ્વરૂપથી બહાર છે માટે આદરણીય નથી. તેથી ધર્મીને બહારમાં કોઈપણ વિષયમાં રાગ થઈ જાય છે તો પશ્ચાત્તાપ થાય છે, દુઃખ થાય છે તેથી પાછો વળીને ફરી સ્વરૂપમાં જવાનો પ્રયત્ન કરે છે. આમ, તેને અંતરમાં ધર્મની વૃદ્ધિ થાય છે. (ક્રમશઃ) ❊

**સહબંધુ નેમિજિન-સભા ગએ,**
**યુગ ચરણકમલ વહ નમત ભએ. ૧૨૬**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—** *વાંચન–વિચાર કરતાં ભેદના રસ્તે ચડી જવાય છે, અનાદિની ટેવ છે ને?*

**સમાધાન :—** ભેદના રસ્તે ચડી જવાય તો વારંવાર લક્ષ પોતા તરફ કર્યા કરવું. જ્યાં સુધી અંતરમાં લીન નથી થયો, અંતરમાં દૃષ્ટિ નથી ગઈ ત્યાં સુધી વિકલ્પ ક્યાંક ને ક્યાંક તો ફર્યા કરે છે, બહારમાં ક્યાંક ઊભો તો રહે છે પણ તેણે શ્રદ્ધા અને રુચિ તે તરફ રાખવી કે જ્ઞાયકમાં બધું છે, આ બધાંમાં રોકાવા જેવું નથી. જ્ઞાયકમાં રહી શકતો નથી એટલે બધું આવ્યા વગર રહેતું નથી—વચ્ચે આવે છે, પણ શ્રદ્ધા તો જ્ઞાયકની જ રાખવી કે નિર્વિકલ્પ શુદ્ધાત્મતત્ત્વ તે જ હું છું.

**પ્રશ્ન :—** *મારામાં બધું જ છે, પણ કોણ જાણે વિશ્વાસ આવતો નથી. બહારમાં ઝવેરાત વગેરે બધાનો વિશ્વાસ આવે છે!*

**સમાધાન :—** બહારનું બધું દેખાય છે. આ દેખાતું નથી એટલે વિશ્વાસ આવતો નથી. પણ પોતામાં બધું છે. ગુરુદેવ કહે છે અને પોતે પણ વિચાર કરીને નક્કી કરે કે જ્ઞાયકમાં જ બધું ભરેલું છે. ગુરુદેવ કહેતા હતા કે લીંડીપીપર ઘસતાં-ઘસતાં તેમાંથી તીખાશ પ્રગટ થાય છે. તેમ જ્ઞાયક છું—જ્ઞાયક છું, તેમાં જ બધું ભરેલું છે ને તેમાંથી સ્વભાવ પ્રગટ થાય છે—એમ નક્કી કરવું. જેમ છાશને વારંવાર વલોવ્યા કરે તો માખણ જુદું પડે છે, તેમ વારંવાર ભેદજ્ઞાન કરવાથી—વારંવાર હું જુદો છું, જુદો છું એમ જ્ઞાનમાં અભ્યાસ કરે તો, જુદો છે. તે પ્રગટપણે જુદો પડે છે.

**પ્રશ્ન :—** *કોઈ રીતે પરની રુચિ છૂટતી નથી તો પરની રુચિ છૂટીને આત્માની રુચિ કેમ થાય?*

**સમાધાન :—** પરની રુચિ તોડતાં—તોડતાં તેને પરસેવા ઊતરી જાય છે. ઉપલક રુચિ હોય કે આત્માનું જ કરવા જેવું છે, પણ એકત્વબુદ્ધિ તોડતાં—તોડતાં મુશ્કેલી પડી જાય છે. અનંતકાળનો અભ્યાસ છે એટલે પ્રયાસ કરી કરીને થાકી જાય છે—ખેદ થાય છે.

**ભુવિ કાહિ કકુદ ગિરનાર અચલ,**
**વિદ્યાધરણી સેવિત સ્વશિખર;**

કરવાનું તો આ જ છે પણ પુરુષાર્થની ખામીને લઈને તેના વિશ્વાસમાં ડોલમડોલ થઈ જાય છે. પોતે છે તો જુદો, પણ મોટાં રાંઢવાં (દોરડાં) જેવું એકપણું કરી મૂક્યું છે. પોતે અનંતકાળ પરની સાથે એકત્વપણાના અભ્યાસમાં રહ્યો છે. હવે તે અનંતકાળની સામે ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં ઘૂંટવામાં અનંતકાળ લાગતો નથી. ધીમો ધીમો અભ્યાસ કરે તો થોડો કાળ જાય છે. અને ઉગ્ર કરે તો છ મહિના લાગે છે. અંદર રુચિ ભલે આત્માની હોય, પણ એકત્વબુદ્ધિ તોડતાં તોડતાં તેને મુશ્કેલી પડે છે અને બહાર ચાલ્યો જાય છે.

પોતાના ને પરના લક્ષણને ઓળખીને, આ દ્રવ્ય-ગુણ-પર્યાય મારાં છે અને આ પુદ્ગલના છે, એમ બરાબર ભેદજ્ઞાન કરતાં પ્રજ્ઞાછીણી સાંધની સૂક્ષ્મ રગ જોઈને ચારેબાજુ ફરી વળે છે અને કોઈ જગ્યાએ સાંધ રહેતી નથી, સરખા બે ભાગ થઈ જાય છે. સૂક્ષ્મતાથી લઈએ તો, ગુણના ભેદ, પર્યાયના ભેદ કે કોઈ પણ જાતના રાગમિશ્રિત ભાવ જે જે ભાવ આવે તે બધાથી છૂટો પડી જાય છે. જ્ઞાનમાં બધું જાણે, પણ એકત્વબુદ્ધિ જ્યાં જ્યાં હોય ત્યાં બધેથી છૂટો પડી જાય છે. શુભભાવો કે જ્યાં પોતાને બહુ રસ લાગે છે તેવા ભાવો, ગુણ-પર્યાયના ભેદો, વગેરે. જે જે સૂક્ષ્મ-સૂક્ષ્મ ભાવો આવતા હોય તે બધામાં ચારેબાજુ પ્રજ્ઞાછીણી ફરી વળે છે. અને ચોખ્ખા બે ભાગ કરી નાંખે છે. આ ચૈતન્યનો ભાગ અને આ વિભાવનો ભાગ એમ બે ભાગ કરી નાંખે છે.

**પ્રશ્ન :—***સમયસાર ગાથા ૧૭–૧૮માં ભગવાન આત્મા સૌને અનુભવમાં આવતો હોવા છતાં પોતાને આત્મજ્ઞાન ઉદય થતું નથી તેમાં દૃષ્ટિની ભૂલ છે તેમ બતાવ્યું છે?*

**સમાધાન :—**હા, દૃષ્ટિની ભૂલ બતાવવી છે કે તેની દૃષ્ટિ બહાર જાય છે. જેમ કોઈ બીજાની ગણતરી કરતો હોય કે આ માણસ છે, આ માણસ છે પણ પોતે પોતાને ગણવાનું ભૂલી જાય છે તેમ પોતે બધું બહારમાં જોઈ રહ્યો છે. પણ હું ચૈતન્યદ્રવ્ય છું એમ પોતાને જ ભૂલી ગયો છે. તેને પોતાના અસ્તિત્વની અને આનંદની અનુભૂતિ નથી. અનુભૂતિસ્વરૂપ પોતે હોવા છતાં પણ આનંદની અનુભૂતિ નથી. જ્ઞાન અસાધારણ લક્ષણ છે કે જે લક્ષણથી પોતે પોતાને ઓળખી શકે છે. તે જ્ઞાયકતાનો નાશ નથી થયો, જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમી રહ્યું છે પણ પોતે જ્ઞાયકતારૂપે થયો નથી માટે તેના તરફ દૃષ્ટિ કરે, તેનું જ્ઞાન કરે, આચરણ કરે તો તેને આનંદની અનુભૂતિ પ્રગટ થાય.

**हैं मेघ पटल छाओ जिस तट,**
**तव चिह्न उकेरे वज-मुकुट. १२७**

## બાળ વિભાગ (વાલિખિલ્યની કથા)

વનવાસ દરમ્યાન ભ્રમણ કરતા થતા શ્રીરામ, લક્ષ્મણ અને સીતા નલકુંવર નામના નગરમાં આવ્યા. જળ લેવા જતાં સરોવર કિનારે લક્ષ્મણજીને એક રાજકુમાર મળે છે અને રામચંદ્રજી, સીતાજીને પોતાના તંબૂમાં બોલાવે છે અને રાજકુમારનો વેષ છોડી પોતાનું સ્ત્રીવેશ પ્રગટ કર્યું. રામચંદ્રજીએ તે કન્યાને આનું કારણ પૂછ્યું તો તે પોતાની આપવીતી સંભળાવતી રુદન કરવા લાગી. આગળ...

શ્રી રામચંદ્રે તેને મધુર વચનથી ધૈર્ય આપ્યું અને સીતાએ તેને ગોદમાં લીધી. તેનું મુખ ધોયું. લક્ષ્મણે તેને કહ્યું કે હે સુંદરી! તું શોક છોડી દે. તું હમણાં પુરુષના વેશમાં રાજ્ય કર. થોડા જ દિવસોમાં મ્લેચ્છને પકડાયેલો અને તારા પિતાને છૂટ્યા જ જાણ. આમ કહીને તેને આનંદિત કરી. એમનાં વચનથી કન્યાને લાગ્યું કે હવે પિતાજી છૂટ્યા જ છે. શ્રી રામ-લક્ષ્મણ દેવની પેઠે ત્યાં ખૂબ આદરપૂર્વક રહ્યા. પછી રાત્રે સીતા સહિત ઉપવનમાંથી છાનામાના ચાલ્યા ગયા. સવાર થતાં કન્યા જાગી અને તેમને ન જોતાં વ્યાકુળ થઈ અને કહેવા લાગી કે તે મહાપુરુષ મારું મન હરી ગયા, મને ઊંઘ આવી ગઈ અને તે છાનામાના ચાલ્યા ગયા. આમ વિલાપ કરતી, મનને રોકી, હાથી ઉપર બેસી પુરુષના વેશમાં નગરમાં આવી. કલ્યાણમાલાના વિનયથી જેમનું ચિત્ત હરાયું હતું તે રામ-લક્ષ્મણ અનુક્રમે મેકલા નામની નદી પાસે પહોંચ્યા. નદી ઊતરી ક્રીડા કરતા અનેક દેશોને ઓળંગી વિંધ્યાટવીમાં આવ્યા. રસ્તે જતાં એક ગવાલણીએ મનાઈ કરી કે આ અટવી ભયાનક છે, તમારે જવા યોગ્ય નથી. ત્યારે પોતે તેમની વાત ન માની, ચાલ્યા જ ગયા. અટવી, લતાથી વીંટળાયેલા શાલવૃક્ષાદિકથી શોભિત છે. જાતજાતનાં સુગંધી વૃક્ષોથી ભરેલી છે ક્યાંક દાવાનળથી બળી ગયેલાં વૃક્ષોથી શોભારહિત પણ છે, જેમ કુપુત્રોથી કલંકિત ગોત્ર ન શોભે તેમ.

પછી સીતા કહેવા લાગ્યા કે કાંટાળા વૃક્ષ પર ડાબી બાજુ એ કાગડો બેઠો છે તે કલહની સૂચના કરે છે, બીજો એક કાગડો ક્ષીરવૃક્ષ પર બેઠો છે તે જીત બતાવે છે. માટે એક મુહૂર્ત થોભો, બીજા મુહૂર્તમાં ચાલીએ, આગળ કલહના અંતે જીત છે, મારા મનમાં આમ ભાસે છે. ત્યારે થોડીવાર બેય ભાઈઓ રોકાયા, પછી ચાલ્યા. આગળ મ્લેચ્છોની સેના નજરે પડી ત્યારે તે બંને ભાઈ નિર્ભયપણે ધનુષબાણ લઈને મ્લેચ્છોની સેના પર ધસી ગયા. એ સેના જુદી જુદી દિશામાં ભાગી ગઈ. પોતાની સેનાનો ભંગ થયેલો જોઈને બીજી મ્લેચ્છોની સેના શસ્ત્ર ધારણ કરી, બખ્તર પહેરીને આવી તેને પણ રમતમાત્રમાં જીતી લીધી. ત્યારે તે બધા મ્લેચ્છો ધનુષબાણ ફેંકી દઈને, પોકારો કરતાં તેમના સ્વામી પાસે જઈને બધો વૃત્તાંત કહેવા લાગ્યા.

તે બધા મ્લેચ્છો અત્યંત ગુસ્સે થઈને ધનુષબાણ લઈને અત્યંત ક્રૂર મોટી સેના સાથે આવ્યા. શસ્ત્રો સાથે તે કાકોનદ જાતિના મ્લેચ્છો પૃથ્વી પર પ્રસિદ્ધ, માંસભક્ષી, રાજાઓથી પણ દુર્જય, કાળી ઘટા સમાન ઊભરાઈ આવ્યા. ત્યારે લક્ષ્મણે ધનુષ્યનો ટંકાર કર્યો, બધા મ્લેચ્છો ડરી ગયા. વનના દશે દિશામાં આંધીની જેમ વિખરાઈ ગયા અને અત્યંત ભયભીત મ્લેચ્છોનો અધિપતિ રથમાંથી ઊતરી, હાથ જોડી પ્રણામ કરી પગે પડ્યો અને પોતાનો બધો વૃત્તાંત બન્ને

ભાઈઓને કહેવા લાગ્યો.

હે પ્રભો! કૌશાંબી નામની એક નગરી છે. ત્યાં એક વિશ્વાનલ નામનો અગ્નિહોત્રી બ્રાહ્મણ રહેતો હતો. તેને પ્રતિસંધ્યા નામની સ્ત્રી હતી. હું તેનો રૌદ્રભૂત નામનો પુત્ર છું. હું જુગારમાં પ્રવીણ અને બાલ્યાવસ્થાથી જ ક્રૂર કર્મ કરતો. એક દિવસ ચોરી કરતાં પકડાઈ ગયો અને મને શૂળીએ ચડાવવા તૈયારી થતી હતી ત્યારે એક દયાળુ પુરુષે મને છોડાવ્યો અને ધ્રૂજતો ધ્રૂજતો હું દેશ છોડીને અહીં આવ્યો. અહીં કર્માનુયોગથી કાકોનદ જાતિના મ્લેચ્છોનો અધિપતિ થયો. હું મહાભ્રષ્ટ, પશુ સમાન, વ્રતક્રિયાથી રહિત રહું છું. અત્યાર સુધીમાં મોટી મોટી સેનાના નાયકો, મોટા રાજાઓ પણ મારી સામે યુદ્ધ કરવાને સમર્થ ન હતા, પરંતુ હું આપના દર્શનમાત્રથી જ વશીભૂત થયો છું. ધન્ય ભાગ્ય મારાં કે મેં આપ જેવા પુરુષોત્તમને જોયા. હવે મને જે આજ્ઞા કરશો તેમ કરીશ. હું આપનો નોકર છું, આપનાં ચરણારવિંદની ચાકરી શિર ઉપર ધરું છું. આ વિંધ્યાચળ પર્વત અને સ્થાન ભંડારોથી ભરેલાં છે. ઘણા ધનથી પૂર્ણ છે. આપ અહીં રાજ્ય કરો, હું આપનો દાસ છું, એમ કહીને મ્લેચ્છ મૂર્ચ્છા ખાઈને પગમાં પડ્યો. જેમ વૃક્ષ નિર્મૂળ થઈને પડે તેમ.

તેને વિહ્‌વળ જોઈને શ્રી રામચંદ્ર પૂર્ણ કલ્પવૃક્ષ સમાન કહેવા લાગ્યા. ઊઠ, ઊભો થા, ડર નહીં, વાલિખિલ્યને મુક્ત કર. તત્કાળ એને હાજર કર અને તેનો આજ્ઞાકારી મંત્રી થઈને રહે. મ્લેચ્છોની ક્રિયા છોડ. પાપકાર્યથી નિવૃત્ત થા. દેશની રક્ષા કર, આમ કરવામાં તારી કુશળતા છે. ત્યારે એણે કહ્યું કે હે પ્રભો! એમ જ કરીશ. આમ વિનતિ કરીને તે ગયો અને મહારથના પુત્ર વાલિખિલ્યને છોડ્યો. બહુ જ વિનયથી તૈલાદિ મર્દન કરી, સ્નાન, ભોજન કરાવી, આભૂષણ પહેરાવી, રથમાં બેસાડી, શ્રી રામચંદ્ર સમીપે લઈ જવા તૈયાર કર્યો. ત્યારે વાલિખિલ્ય ખૂબ નવાઈ પામ્યો અને વિચારવા લાગ્યો કે ક્યાં આ મ્લેચ્છ, કુકર્મી, અત્યંત નિર્દયી મહાશત્રુ અને ક્યાં અત્યારનો એનો વિનય! એમ લાગે છે કે આજે મને એ કોઈને ભેટ કરી દેશે, હવે મારું જીવન રહેશે નહિ. આમ વિચારીને વાલિખિલ્ય ચિંતાથી ચાલ્યો. સામે રામ-લક્ષ્મણને જોઈને અત્યંત હર્ષ પામ્યો. રથથમાંથી ઊતરીને નમસ્કાર કર્યા અને કહેવા લાગ્યો કે હે નાથ! મારા પુણ્યના યોગથી આપ પધાર્યા અને મને બંધનમાંથી છોડાવ્યો. આપ ઈન્દ્રતુલ્ય મનુષ્ય છો, પુરુષોત્તમ પુરુષ છો. રામે તેને આજ્ઞા કરી કે તું તારા સ્થાને જા, કુટુંબને મળ. પછી વાલિખિલ્ય રામને પ્રણામ કરી. રૌદ્રભૂત સાથે પોતાના નગરમાં ગયો.

શ્રી રામ વાલિખિલ્યને છોડાવી રૌદ્રભૂતને દાસ બનાવી ત્યાંથી આગળ ચાલ્યા. વાલિખિલ્યને આવેલો સાંભળીને કલ્યાણમાલા મહાન વિભૂતિ સાથે સામે આવી અને નગરમાં મોટો ઉત્સવ થયો. રાજા રાજકુમારને હૃદયે ચાંપી પોતાના વાહનમાં બેસાડી નગરમાં પ્રવેશ્યા. રાણી પૃથ્વીને હર્ષથી રોમાંચ ખડાં થઈ ગયા. પતિના આવવાથી પહેલાં જેવું શરીર હતું તેવું સુંદર થઈ ગયું. સિંહોદર વગેરે વાલિખિલ્યના હિતચિંતકો બધા રાજી થયા. કલ્યાણમાલા પુત્રીએ

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૩ ઉપર)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

(આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો)

(૧) સમ્યગ્દર્શનના આઠ અંગમાં .................. નો સમાવેશ થાય છે.
(પ્રવચનભક્તિ, અહિંસા, વાત્સલ્ય)

(૨) પાંચ પાંડવો પૈકી સહદેવ-નકુલ હાલ ............... માં છે.
(૧૬મા સ્વર્ગ, મોક્ષ, સર્વાર્થસિદ્ધિ)

(૩) ૧૩મું અને ૧૪મું ગુણસ્થાન એ ................. ઉપયોગનું ફળ છે.
(શુભ, શુદ્ધ, અશુદ્ધ)

(૪) એકલા પુદ્‌ગલ પરમાણુમાં ..............રૂપ પરિણમિત હોવાની શક્તિ હોતી નથી.
(રસ, શબ્દ, ગંધ)

(૫) પાંચમાં ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધીના આઠ ગુણસ્થાન .................. ની મુખ્યતાથી છે. (ચારિત્ર મોહનીય, દર્શન મોહનીય, યોગ)

(૬) ક્ષાયિક સમ્યક્ત્વ હંમેશા ............... સમ્યક્ત્વપૂર્વક થાય છે.
(પ્રથમ ઉપશમ, દ્વિતીય ઉપશમ, ક્ષાયોપશમિક)

(૭) જીવ મિથ્યાત્વ ગુણસ્થાનથી સીધા ચોથા, પાંચમા કે .............. ગુણસ્થાન જાય છે. (છઠ્ઠા, સાતમા, બીજા)

(૮) ............... શરીર સૌથી સ્થૂળ હોય છે. (ઔદારિક, વૈક્રિયક, તૈજસ)

(૯) પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃત બોલ ૧૭૯માં આવે છે કે ‘‘આત્માને યથાર્થ સમજવા માટે પ્રમાણ, નય, નિક્ષેપરૂપ શુભ વિકલ્પનો વ્યવહાર વચ્ચે આવ્યા વિના રહેતો નથી, પણ આત્માના અનુભવ વખતે તે ................ છૂટી જાય છે.
(વિચાર, આશ્રય, વિકલ્પ)

(૧૦) બહેનશ્રીનાં વચનામૃત બોલ ૩૪૩માં આવે છે કે ‘‘વસ્તુનું પામવું, તેમાં ટકવું એ આગળ વધવું બધું ............... થી જ થાય છે. (સમજણ, પુરુષાર્થ, ભક્તિભાવ)

(૧૧) કોઈ મનુષ્ય જન્મથી જ આંધળો અને બહેરો હોય તે ................ જીવ છે.
(સંજ્ઞી પંચેન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય)

(૧૨) ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ ................. શ્રેણી ચઢી શકે છે.
(ક્ષપક, ઉપશમ, ઉપશમ અથવા ક્ષપક)

(૧૩) ........... નયથી આત્મા કર્મજનિત ભાવનો ભોક્તા છે. (શુદ્ધ, અશુદ્ધ, નિશ્ચય)

(૧૪) ચંદના સતીએ ............ ભગવાનને મુનિદશામાં નવધા ભક્તિપૂર્વક આહારદાન કરેલ. (મહાવીર, પાર્શ્વનાથ, નેમિનાથ)

(૧૫) કોઈ જીવને ભૂખ લાગે અને ભોજન ન મળે ત્યારે જે દુઃખ થાય છે તેનું કારણ ............. છે. (ક્ષુધાવેદનીયનો ઉદય, અશાતાનો, મોહ)

(૧૬) કુંદકુંદ આચાર્યદેવએ સમયનો અર્થ આગમ કહી તેનું કથન કરવાની પ્રતિજ્ઞા ..............શાસ્ત્રમાં કરી છે. (પંચાસ્તિકાય, નિયમસાર, સમયસાર)

(૧૭) સમયસાર પરિશિષ્ટ ૪૭ શક્તિમાં પ્રથમ ............. શક્તિ છે. (જ્ઞાન, વિભુત્વ, જીવત્વ)

(૧૮) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં, ધ્રૌવ્ય તે ............. છે. (ગુણ, પર્યાય, દ્રવ્ય)

(૧૯) આત્મા અને વિકારી ભાવ વચ્ચે .............. સંબંધ છે. (તાદાત્મ્ય, સંયોગ, અનિત્ય તાદાત્મ્ય)

(૨૦) પુદ્ગલનું લક્ષણ અચેતન–જડ માનવામાં આવે તો .............. દોષ આવે છે. (અતિવ્યાપ્તિ, અસંભવ, અવ્યાપ્તિ)

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્નોના ઉત્તર

(૧) વાત્સલ્ય
(૨) સર્વાર્થસિદ્ધિ
(૩) શુદ્ધ
(૪) શબ્દ
(૫) ચારિત્ર મોહનીય
(૬) ક્ષાયોપશમિક
(૭) સાતમા
(૮) ઔદારિક
(૯) વિકલ્પ
(૧૦) પુરુષાર્થ
(૧૧) સંજ્ઞી પંચેન્દ્રિય
(૧૨) ઉપશમ અથવા ક્ષપક
(૧૩) અશુદ્ધ
(૧૪) મહાવીર
(૧૫) મોહ
(૧૬) પંચાસ્તિકાય
(૧૭) જીવત્વ
(૧૮) પર્યાય
(૧૯) અનિત્ય તાદાત્મ્ય
(૨૦) અતિવ્યાપ્તિ

ચિદાનંદ પરમ સ્વભાવ એ જ મારું શરણ છે એ સિવાય પરમાં ક્યાંય મારું શરણ નથી. આત્માનું શરણ જાણ્યું છે તે જ પરને અશરણપણે જાણીને અશરણભાવના ભાવે છે. અરિહંત ભગવાન વગેરેને શરણ કહેવા તે તો ઉપચારથી છે. પણ અરિહંત ભગવાને કહ્યો તેવો પોતાનો સ્વભાવ તે જ પોતાને શરણ છે. એ સિવાય ક્ષણિકભાવો કે પરવસ્તુ કોઈ જીવને શરણ નથી. ચૈતન્યના શરણપૂર્વક યથાર્થ અશરણભાવના હોય છે. હું કોઈ પરવસ્તુને ગ્રહતો કે છોડતો નથી. આવા ભાનપૂર્વક ધ્રુવ શરણનું અવલંબન કરવું તેમાં જ ખરી અનિત્ય ભાવના અને અશરણભાવના છે. (વૈરાગ્યભાવના, પૃ. ૧૩)

બાળકો માટે

## ભરતક્ષેત્રના વર્તમાન તીર્થંકર સંબંધી માહિતિ

| ક્રમ | તીર્થંકરનું નામ | પિતાનું નામ | માતાનું નામ | જન્મનગરી | ચિહ્ન |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી વૃષભદેવ | નાભિરાજ | મરુદેવી | અયોધ્યા | વૃષભ |
| ૨ | શ્રી અજિતનાથ | જિતશત્રુ | વિજયાદેવી | અયોધ્યા | હાથી |
| ૩ | શ્રી સંભવનાથ | દઢરાજ | સુષેણાદેવી | શ્રાવસ્તિ | અશ્વ |
| ૪ | શ્રી અભિનંદન | સંવર | સિદ્ધાર્થા | અયોધ્યા | બંદર |
| ૫ | શ્રી સુમતિનાથ | મેઘરથ | સુમંગલા | વિનિતાપુર | ચકવો |
| ૬ | શ્રી પદ્મપ્રભ | ધારણારાજા | સુસીમા | કૌશામ્બિપુર | કમલ |
| ૭ | શ્રી સુપાર્શ્વનાથ | સુપ્રતિષ્ઠ | પૃથ્વીષેણા | વારાણસી | સ્વસ્તિક |
| ૮ | શ્રી ચંદ્રપ્રભ | મહાસેન | લક્ષ્મણા | ચન્દ્રપુરી | ચંદ્ર |
| ૯ | શ્રી પુષ્પદંત | સુગ્રીવ રાજા | જયરામા | કાકન્દિપુરી | મગર |
| ૧૦ | શ્રી શીતલનાથ | દઢરથ રાજા | સુનંદાદેવી | ભદ્રિલાપુરી | કલ્પવૃક્ષ |
| ૧૧ | શ્રી શ્રેયાંસનાથ | વિષ્ણુરાજ | વિષ્ણુશ્રી(નંદા) | સિંહપુર | ગેંડો |
| ૧૨ | શ્રી વાસુપૂજ્ય | વસુપૂજ્ય | જયાવતી (વિજયા) | ચંપાપુરી | મહિષ |
| ૧૩ | શ્રી વિમલનાથ | કૃતવર્મા | આર્યશામા(સુરમ્યા) | કંપિલા | સૂઅર |
| ૧૪ | શ્રી અનંતનાથ | સિંહસેન | લક્ષ્મીમતી(સર્વયશા) | અયોધ્યા | શાહુડી |
| ૧૫ | શ્રી ધર્મનાથ | ભાનુરાજ | સુપ્રભા(સુવ્રતા) | રત્નપુરી | વજ્ર |
| ૧૬ | શ્રી શાંતિનાથ | વિશ્વસેન | એરાદેવી | હસ્તિનાપુર | હરણ |
| ૧૭ | શ્રી કુંથુનાથ | સૂરસેન | શ્રીદેવી(શ્રીકાંતા) | હસ્તિનાપુર | બકરો |
| ૧૮ | શ્રી અરનાથ | સુદર્શન | મિત્રસેના(મિત્રા) | હસ્તિનાપુર | મીન |
| ૧૯ | શ્રી મલ્લિનાથ | કુંભરાજ | પ્રભાવતી (રક્ષતા) | મિથિલાપુર | કળશ |
| ૨૦ | શ્રી મુનિસુવ્રત | સુમિત્ર | સોમા(પદ્માવતી) | કુશાગ્રપુર | કાચબો |
| ૨૧ | શ્રી નમિનાથ | વિજયરાજ | વર્મિલા(વપ્રા) | મિથિલાપુર | નીલકમલ |
| ૨૨ | શ્રી નેમિનાથ | સમુદ્રવિજય | શિવાદેવી | શૌરીપુર(દ્વારકા) | શંખ |
| ૨૩ | શ્રી પાર્શ્વનાથ | વિશ્વસેન | વામાદેવી | વારાણસી(કાશી) | સર્પ |
| ૨૪ | શ્રી મહાવીર | સિદ્ધાર્થરાજા | પ્રિયકારિણી(ત્રિશલાદેવી) | કુંડલપુર(વૈશાલી) | સિંહ |

નોંધ : શ્રી પદ્મપ્રભુ અને વાસુપૂજ્ય ભગવાનાનો રંગ રક્ત વર્ણ, સુપાર્શ્વનાથ અને પાર્શ્વનાથ ભગવાનનો રંગ હરિતવર્ણ, પુષ્પદંત, શીતલનાથ ભગવાનનો શ્વેત વર્ણ, મુનિસુવ્રતનાથ ને નેમિનાથ ભગવાનનો વર્ણ મોરના કંઠ સમાન નીલવર્ણ, અને શેષ તીર્થંકરોના વર્ણ તપ્તાયમાન સુવર્ણ સમાન હતા.

### પદાર્થને જાણવાના ચાર ઉપાય

- ૧-લક્ષણ
  - આત્મભૂત
  - અનાત્મભૂત
- ૨-પ્રમાણ
  - પ્રત્યક્ષ પ્રમાણ
    - ૧-સાંવ્યવહારિક
    - ૨-પારમાર્થિક
      - વિકલ
        - અવધિજ્ઞાન
        - મનઃપર્યાયજ્ઞાન
      - સકલ
        - કેવલજ્ઞાન
  - પરોક્ષપ્રમાણ
    - ૧-મતિજ્ઞાન
      - અવગ્રહ
      - ઈહા
      - અવાય
      - ધારણા
    - ૨-શ્રુતજ્ઞાન
- ૩-નય
  - નિશ્ચયનય
    - દ્રવ્યાર્થિકનય (આગમ અપેક્ષાએ)
      - ૧-નૈગમનય
        - ભૂતનૈગમ
        - ભાવિનૈગમ
        - વર્તમાન નૈગમ
      - ૨-સંગ્રહનય
      - ૩-વ્યવહારનય
    - પર્યાયાર્થિક નય
      - ઋજુસૂત્રનય
      - શબ્દનય
      - સમભિરૂઢનય
      - એવંભૂતનય
  - વ્યવહારનય
    - સદ્‌ભૂત
      - ઉપચરિત સદ્‌ભૂત
      - અનુપચરિત સદ્‌ભૂત
    - અસદ્‌ભૂત
      - ઉપચરિત અસદ્‌ભૂત
      - અનુપચરિત અસદ્‌ભૂત
- ૪-નિક્ષેપ
  - નામનિક્ષેપ
  - સ્થાપનાનિક્ષેપ
    - તદાકાર સ્થાપના
    - અતદાકાર સ્થાપના
  - દ્રવ્યનિક્ષેપ
  - ભાવનિક્ષેપ

નોંધ :

● લક્ષણના ત્રણ દોષ છે. ૧-અવ્યાપ્તિ, ૨-અતિવ્યાપ્તિ, ૩-અસંભવ

● પરોક્ષ પ્રમાણના અન્ય પાંચ ભેદ છે. સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન ને આગમ

● નયના અન્ય રીતે ત્રણ પ્રકાર છે : ૧-શબ્દનય, ૨-અર્થનય, ૩-જ્ઞાનનય

**વ્યવહારનય અને નિશ્ચયનયને જાણવાનું ફળ :** "વીતરાગે કહેલો વ્યવહાર અશુભમાંથી બચાવીને શુભભાવમાં લઈ જાય છે. તેનું દૃષ્ટાંત દ્રવ્યલિંગી મુનિ છે. તે ભગવાને કહેલા વ્રતાદિનું નિરતિચાર પાલન કરે છે અને તે શુભભાવથી નવમી ગ્રૈવેયક સુધી જાય છે, પરંતુ સંસાર ઊભો જ રહે છે. અને ભગવાને કહેલા નિશ્ચય શુભ અને અશુભ બંનેથી બચીને જીવ શુદ્ધભાવથી મોક્ષમાં લઈ જાય છે જેનું દૃષ્ટાંત સમ્યક્‌દૃષ્ટિ છે. જે નિયમથી અવશ્ય મોક્ષને પ્રાપ્ત કરે છે.

(જીવનો વ્યવહાર પરપદાર્થમાં થાતો નથી, પણ પોતાનામાં જ થાય છે. જીવનો પરદ્રવ્યની સાથે સંબંધ બતાવવાવાળા દરેક પ્રકારના કથનો અધ્યાત્મદૃષ્ટિએ નયાભાસ છે.)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

પ્રાતઃ ૬-૧૫ થી ૬-૩૫ : પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી સમયસાર કલશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : શ્રી જિનેન્દ્ર ભક્તિ

રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ : શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

### ✻ વિશેષ ધાર્મિક કાર્યક્રમ ✻

આપણા પરમ તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના વાર્ષિક સમાધિદિન નિમિત્તે સોનગઢમાં પંચાહ્નિક વિશેષ ધાર્મિક કાર્યક્રમ કારતક વદ ૨ તા. ૭-૧૧-૨૦૨૫, શુક્રવારથી કારતક વદ ૭ તા. ૧૧-૧૧-૨૦૨૫, મંગળવાર સુધી રાખવામાં આવ્યો છે. આ 'ગુરુ-ઉપકારસ્મૃતિ'નો કાર્યક્રમ શ્રી પંચપરમેષ્ઠીમંડલ વિધાન પૂજા, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ગુરુ-ભક્તિભીના માર્ગદર્શન અનુસાર વીતરાગ દેવ-ગુરુની ભક્તિ તથા વીતરાગ તત્ત્વજ્ઞાનની કલ્યાણી ઉપાસનાપૂર્વક સાદગીથી ઊજવવામાં આવશે.

---

## વૈરાગ્ય સમાચાર :–

✻ મુલુંડ નિવાસી શ્રી રજનીકાંત બાબુલાલ શાહ (ઉ.વ. ૮૭)નું તા. ૨-૧૦-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

✻ સમઢિયાળા નિવાસી (હાલ સોનગઢ) મીરાબેન પરમાર (ઉ.વ. ૯૦)નું તા. ૩-૧૦-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ છેલ્લા ઘણા વર્ષોથી સોનગઢ રહી પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીની ભવતાપનાશક વાણીનો લાભ લીધો હતો.

✻ જામનગર નિવાસી (હાલ સાયન-મુંબઈ) શ્રી અરવિંદજી લાલજી મહેતા (ઉ.વ. ૭૭)નું કા, ૮-૧૦-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

જેવી રીતે પક્ષીઓ રાત્રે કોઈ એક વૃક્ષ ઉપર નિવાસ કરે છે અને પછી સવાર થતાં તેઓ સહસા સર્વ દિશાઓમાં ચાલ્યા જાય છે, ખેદ છે કે તેવી જ રીતે મનુષ્ય પણ કોઈ એક કુળમાં સ્થિત રહીને પછી મૃત્યુ પામીને અન્ય કુળનો આશ્રય કરે છે. તેથી વિદ્વાન મનુષ્ય તેને માટે કાંઈ પણ શોક કરતા નથી. *(શ્રી પદ્મનંદિ પંચવિંશતિ)*

નમઃ શ્રીકહાનગુરુદેવાય નમઃ સીમંધરદેવાય વંદે ભગવતી માતરમ્

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા**

## શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા આયોજિત
## ૨૫ મી (રજત જયંતી)
## બાળ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર

(તા. ૨૫-૧૨-૨૦૨૫ થી ૩૦-૧૨-૨૦૨૫)

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તેમના અનન્ય ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગથી આપણે સૌ મુમુક્ષુ સત્ય શુદ્ધાત્મા પ્રગટ કરવાનો માર્ગ સમજી શક્યા છીએ. આ ઊંડા તત્ત્વ સંસ્કારોનું સિંચન આપણી ભાવી પેઢીમાં પણ થાય તે અત્યંત આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખીને શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા છેલ્લા ચોવીસ વર્ષથી બાળ સંસ્કાર શિબિરોનું આયોજન કરાઈ રહ્યું છે. આ વર્ષે આ શિબિરનું આયોજન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સુવર્ણપુરી સોનગઢમાં કરવામાં આવ્યું છે. આ બાળ સંસ્કાર શિબિરની રજત જયંતી હોવાથી વિશેષરૂપથી બાળકો માટે ધાર્મિક ક્લાસ, ધાર્મિક કાર્નિવલ અને સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા ધર્મના સંસ્કારોનું સિંચન કરવામાં આવશે.

આ શિબિરની બધી જ માહિતી **Kanjiswami Songadh** નામની એપ ડાઉનલોડ કરવાથી જાણવા મળી જશે. આપે આપનું રજીસ્ટ્રેશન તથા ઓનલાઈન પેમેન્ટ **Kanjiswami Songadh** તથા **Kanjiswami.org** વેબસાઈટ પર અવશ્ય કરવાનું રહેશે.

આ શિબિરના સ્થાયી સૌજન્યકર્તા (૧) મુમુક્ષુ મંડળ ઑફ ગ્રાંડ રેપીડસ **USA** (૨) રાજુલ શાહ, ફલોરીડા **USA**, મુખ્ય સૌજન્યકર્તાનો લાભ શ્રી જિતેન્દ્ર વ્રજલાલ શાહ પરિવાર, ઘાટકોપર તથા સહ સૌજન્યનો લાભ (૧) એક મુમુક્ષુભાઈ, (૨) શ્રી રમણિકલાલ લાલચંદ દોશી પરિવાર, હસ્તે સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીસી, (૩) એક મુમુક્ષુ બહેન (૪) શ્રી ભરતભાઈ કાંતિલાલ કામદાર, ચેન્નાઈ પરિવારે લીધેલ છે.

આ શિબિરમાં આવવાથી બાળકોને ધાર્મિક સંસ્કાર-સિંચન સાથે સાથે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીના જિનાયતનોમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજનનો, પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનોનો પણ લાભ મળશે. આ શિબિર બાળકો, યુવાનો તથા વડીલો માટે રાખવામાં આવી છે. આ શિબિરમાં **'સ્વાધ્યાય પરમ તપ'** સંબંધી શિક્ષણ આપવામાં આવશે. આ શિબિર પ્રસંગે એકદિવસીય યાત્રાનું પણ આયોજન તા. ૩૦-૧૨-૨૦૨૫ના રોજ રાખેલ છે.

લિ.

શ્રી કહાન પુષ્પ પરિવાર વતી

શ્રી હસમુખભાઈ વોરા—પ્રમુખના જય જિનેન્દ્ર

**Shibir Help Line Number**

**✆ 8989646494**

## આત્મધર્મ સંબંધી અગત્યની સૂચના

આપ અમારા મુમુક્ષુ છો. આત્મધર્મ ગુજરાતી અંક તમને ઘણા સમયથી મોકલીએ છીએ. હવે ટ્રસ્ટે નક્કી કરેલ છે કે જે ગ્રાહક ૧૫ વર્ષથી વધુ સમયના છે તેમને આગલા મહિનેથી અંક મોકલવાનું બંધ કરવામાં આવશે. જો તેમણે આત્મધર્મ અંક ફરીથી ચાલુ કરવો હોય તો તેઓ આત્મધર્મ કાર્યાલયને એક સંમતિપત્રક મોકલશો તો તમને બીજા ૫ વર્ષ માટે રીન્યુ કરી આપવામાં આવશે.

આ ઉપરાંત જેઓને ફીઝીકલ કોપી ન જોઈતી હોય તો તેમને **email** અથવા **whatsapp** પર **PDF** ફાઈલ મોકલવામાં આવશે. માટે તમે તમારો વ્યવસ્થિત જવાબ આપશો તે મુજબ તમારો સંતોષ કરવામાં આવશે.

તમારું સંમતિપત્ર આત્મધર્મ કાર્યાલય અથવા **email** કે **Whatsapp** પર મોકલી શકો છો.

આત્મધર્મ કાર્યાલય,
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (જિ. ભાવનગર)

**email contact@kanjiswami.org**
**Whatsapp No 9276867578**

---

## સંમતિપત્ર

પ્રતિ શ્રી આત્મધર્મ કાર્યાલય

આથી હું ........................................................................... જણાવું છું કે અમારે ત્યાં આપના દ્વારા મોકલવામાં આવતા આત્મધર્મ અંકનું અમે નિયમિત વાંચન/ સ્વાધ્યાય કરીએ છીએ. તથા કોઈ પ્રકારનો અવિનય અશાતના અમારા દ્વારા થતી નથી. તેથી અમારા માટે આત્મધર્મ અંક રીન્યુ કરવા વિનંતી છે.

આત્મધર્મ ફિઝીકલ /**email** / **whatsapp** ........................ દ્વારા અમને મોકલશો.

ગ્રાહક નંબર : ..................

નામ : ................................................................

સરનામું : ...........................................

...........................................

............................................

સંપર્ક નં. : ...............................

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● પ્રશ્ન : ચારિત્ર પ્રથમ લઈ લ્યે ને પછી સમકિત કરે તો ?

ઉત્તર : જેમ જમીન વગર ઝાડ ઉગતું નથી, તેમ હું અખંડ ચૈતન્ય છું. તેની પ્રતીતિ વિના ચારિત્ર ક્યાંથી હોય ? ન જ હોય. ચારિત્ર એટલે ચરવું, સ્થિર થવું. શેમાં ? દેહમાં ? તે તો જડ છે. પુણ્ય-પાપ વિકાર છે. શુદ્ધ ચૈતન્ય-સ્વરૂપની પ્રતીતિ થયા પછી અંતરમાં લીનતા કરે તે ચારિત્ર છે. ૭૧૮.

● સત્યમાં દુઃખ નથી. અજ્ઞાનને લીધે દુઃખ લાગે છે. દારૂ વેચવાવાળાને દારૂના નિષેધકો ખરાબ લાગશે. તેથી શું દારૂબંધી ન કરવી ? એવી કઈ ચીજ છે કે જે આખા જગતમે સારી લાગે ? માટે જે સત્ય છે તેને જ સત્ય માનવી. બ્રહ્મચર્યના વખાણ કરવાથી વ્યભિચારીને ખરાબ લાગે તેથી શું બ્રહ્મચર્યના વખાણ ન કરવા ? સત્ય વાત કરતા અજ્ઞાનીને અજ્ઞાનના કારણે દુઃખ લાગે છે માટે સત્ય સદા પ્રિય જ છે. ૭૧૯.

● લોકો જેને માનવધર્મ કહે છે તેને જ્ઞાની અધર્મ કહે છે. હું મનુષ્ય છું એમ માને તે અધર્મી છે. મારો સ્વભાવ જ્ઞાન છે, એવા ચેતના વિલાસને આત્મવ્યવહાર કહે છે. દેહની ક્રિયા આત્મવ્યવહાર નથી. તેમજ પુણ્ય-પાપ પણ આત્મવ્યવહાર નથી. આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે. તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરી વીતરાગતા પ્રગટ કરે તે આત્મવ્યવહાર છે. તેવી શુદ્ધદશાથી ચ્યુત થઈ અજ્ઞાની જીવ ક્રિયાકાંડને ભેટે છે. સંસારમાં પરદેશથી કમાઈને આવતા પોતાના દીકરાને બાપ છાતી સરસો ભેટે છે, તેમ મિથ્યાદષ્ટિ જીવ પુણ્યપરિણામને છાતી સરસો ભેટે છે. તે સમસ્તને ક્રિયાકલાપ કહેલ છે. આ ક્રિયા કરી, આ પદાર્થ છોડ્યા, આ જાત્રા કરી, એમ સમસ્ત ક્રિયાલાપને ભેટે છે. આવા મનુષ્ય વ્યવહારનો આશ્રય કરી રાગી-દ્વેષી થાય છે. ૭૨૦.

● જિનધર્મ તો વીતરાગસ્વરૂપ છે. જિનધર્મ કોને કહેવો તથા તેથી વિપરીત અન્ય ધર્મ શું છે તે જાણવું જોઈએ. જિનધર્મ તે વીતરાગસ્વરૂપ અર્થાત્ સ્વશુદ્ધ આત્માની અપેક્ષા તથા નિમિત્તાદિની ઉપેક્ષા સ્વરૂપ છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન પ્રગટે ત્યાં સુધી જિનપ્રતિમાની પૂજા-વંદન-ભક્તિ આદિ આવે પણ ત્યાંથીયે ખસીને આત્મદર્શન કરવાનો હેતુ હોય. લક્ષ હોય, આવો જિનમત છે. ૭૨૧.

આત્મધર્મ
નવેમ્બર-૨૦૨૫
અંક-૩ ● વર્ષ-૨૦

Posted at Songadh PO
Publish on 1-11-2025
Posted on 1-11-2025

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org